ॐ

વિજ્ઞાન વલ્લભ.

કર્ત્તા

પરબ્રહ્મનિષ્ટ શ્રી વ્યાસજી માહારાજ

વલ્લભરામ સુર્યરામ.

ઠે. અમદાવાદ રાયપુર પખાલીની પોળમાં.

છપાવી પ્રસીદ્ધ કરનાર.

મોક્ષમારગી, આશારામ નરોતમદાસ ઠે. ભરૂચ કતોપર સુતરીયાવાડ.
મોક્ષમારગી, ઠાકોર કેસુરભાઇ દાજીભાઇ ગામ ઓરાદ જીલ્લે સુરત.
મોક્ષમારગી, ઠાકોર અનોપભાઇ પ્રતાપસીંગ ઠે. એજ.
મોક્ષમારગી, નરોતમદાસ બેહેચરદાસ મુ. ભરૂચ મોટી છીપવાડ.
મોક્ષમારગી, ચુનીલાલ નથુભાઈ ભરૂચ મમદપુરાની ગોલવાડ.
મોક્ષમારગી, જેઠાલાલ જગજીવન ભરૂચ. ઠે. એજ.
મોક્ષમારગી, મી. ઉતમરામ ભાણુભાઇ નવસારી બજાર પોલીસગેટપાસે
મોક્ષમારગી, પ. હિરાભાઇ મીઠાભાઇ દેત્રાલ જીલ્લે ભરૂચ.
મોક્ષમારગી, ભાઇજીભાઇ હાથીભાઇ ઠે. એજ.
મોક્ષમારગી, સાધુ પુરણદાસ કાશીરામ. ગામ સારસા જીલ્લે ખેડા.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦.

અમદાવાદ

પાનકોરના નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપ્યો.

સંવત ૧૯૬૮. સન ૧૯૧૨.

કીમત ત્રણ આના.

અનુક્રમણિકા.

ૐ

શ્રી ગામ વરસોડાનો નિવાશી હું કવી, પ્રહ્લાદજી દલસુખરામ જાની, જ્ઞાતે ઉદીચ શહસ્ર બ્રાહ્મણ નિરાભીમાનપણે કહું છું કે હું હીંદી ગુજરાતી ને સંસ્કૃત ભાષામાં પ્રવિણ છું. તેમ તે ત્રણે ભાષામાં કવિતા કરી જાણું છું. તેમજ સંસ્કૃત પુસ્તકો મેં ઘણું વિચારેલા છે, તથાપિ પોતાની સદગતી થવા માટે ઘણાંક સંપ્રદાયોમાં પ્રવેશીને મોક્ષનો મારગ સોધ્યો. પણ કોઇ ઠેકાણે તત્વ-જ્ઞાનનો સાર જડયો નહી. એમ કરતાં પુર્વના સંસ્કારે અમદાવાદના નીવાશી પરબ્રહ્મ નીષ્ટ મહારાજ શ્રી વ્યાસજી વલ્લભરામ સુર્યરામનો મ્હારા ભત્રીજા ચુનીરામ રવિદતના સંગે મને સમાગમ થયો. તે વખત તે મહારાજે મને ટુંકામાં પ્રણવનું એટલે એકાક્ષર મંત્ર જે ૐ તેનું યથાર્થ નીરસંશઇ જ્ઞાન આપ્યું. અને તેજ જ્ઞાનથી જન્મ મૃત્યુ ટળી મોક્ષની પ્રાપ્તી થાય એમ મને ભાસ્યું તેથી તે મહારાજ શ્રીને હું સાક્ષાત ગુરૂ માની બેઠો. ત ઉપરથી તે-મણે દયા કરી એક મંત્ર આપી નિરવીકલ્પ સમાધી શીખવી. તેમાં મને ત્રણે દીવસે ચમત્કાર જણાયો. તે ઉપરથી હું આશ્ચર્ય પામ્યો કે આ મહારાજે કોઇ પ્રકારની વિદ્વત્તા મેળવી નથી તેમ તેમને કોઇ ગુરૂ મળ્યો હોય તેમ પણ જણાતું નથી. તેમ છતાં આ ઉત્તમ જ્ઞાન તથા મોક્ષ પ્રાપ્ત કરવાની ક્રિયા કયાંથી પ્રાપ્ત થઇ હશે ?

અનુમાન કરતાં મને એમ ભાસ્યું કે, આ અમુલ્ય માર્ગ મહારાજશ્રીને ઇશ્વરી બક્ષીસ છે. આ મહારાજ ગુરૂ પદવીનો કે જ્ઞાનવાનનો કે મહતાનો કાંઇજ ડોળ રાખતા નથી. નજરે જોઇએ તો આપણા જેવા અને પુર્ણ સંસાર વ્રતી વાળા લાગે છે. તેમ તેમનો સ્વભાવ નીરાભીમાની અને દયાળુ છે, એવો સર્વ પ્રકારથી મને સંતોષ થયો. તેથી મેં મ્હારા ગુરૂ માનીને નીચે લખેલાં અષ્ટકમાં ગુરૂ સ્તુતિ કરી છે. તે સર્વ મોક્ષમારગી ભાઇઓ સ્વીકારી લેશો. અખન્ડા નંદકી જે.

કવિત.

દેખે યા દુનીમે કેતે ગુનીજન મુની ઔર
બહુત બિલોકે પુની પંડિત પુરાનીમેં. ૧
દાની મહા ધ્યાંની અભિમાંની નીરમાની અસં
માયાકે મસતાની વૈસે લીન્હે પહીચાનીમેં. ૨
તિનકે પ્રસંગ તે ન ચઢયૌ સદરંગ કછુ
ઐહિક ઉમંગ તે ન સાચી બાત જાનીમેં ૩
કહત પ્રલ્હાદ મોકુસત્ય સતસંગ ભયો
પાયો પર્મ સાર વ્યાસ વલ્લભકી બાનીમેં. ૪

संवत १९६८ मागशीर्ष शुक्ल सप्तमी चंद्रवासरे रचितायं शिष्य
मल्हादजी दलसुखराम मुकाम वरसोडा.

ॐ.

॥ अखंडानंदकी जय ॥

॥ शार्दूलविक्रिडित छंद. ॥

श्रीमच्छुद्धकुलोद्गवंद्विजवरं परमार्थतत्वप्रदं शिष्यानांसद्बोधबुद्धिशुभदं मोहादिदोषापहं ॥ ज्ञानाब्धिसुगुणाढ्यब्रह्मनिपुणं श्रीवेदमुत्येपम श्रीमन्वल्लभव्याससंज्ञिकगुरु तस्मैनमोहंसदा ॥ १ ॥ यस्यास्तीसुनिवासराजगरे राजत्स्वकीयान्वये श्रीमन्मूरजरामयस्यजनको धर्मैवशातापरं ॥ तुर्यैवेदविदांवरिष्टविविधं सर्वार्थदाताशुभं श्रीमन्वल्लभव्याससंज्ञिकगुरुं तस्मैनमोहंसदा ॥ २ ॥

॥ वसंततिलका छंद. ॥

यस्यसुमूर्तिरुचिरंमनसास्मरामि गुणाऽनुवादमदियेद्वयेग्रगामी ॥ जाप्येनध्यानसहनामवरंजपामी श्रीव्यासवल्लभगुरूंसततंनमामी ॥ ३ ॥ ब्रह्मैवभातिविमलंपारपूर्ण बुध्यादज्ञानध्वांतहरभानुरिवस्वबोधात् ॥ मोक्षार्थिनविशदंमोक्षप्रदसमर्थं श्रीव्यासवल्लभगुरूंसततंनमामी ॥ ४ ॥ भात्रार्थआदिसद्ग्रंथसुधारसैवं शास्त्राऽनुसाररचितंपरमंपवित्रं ॥ वेदोक्तवाक्यसहितंसकलार्थयुक्त श्रीव्यासवल्लभगुरुसततंनमामी ॥ ५ ॥ उदालकादिमुनिस्पातरनिश्चतंयं ध्यायंतिमंजुलमुदामुखदविशुद्धं ज्ञात्वैवमूलपुरुषंमनसास्मरंत श्रीव्यासवल्लभगुरूसततंनमामी ॥ ६ ॥

॥ अनुष्टुपवृत ॥

मानवस्यहितार्थायब्रह्मज्ञानप्रकाशितं ॥ वंदेव्यासमहात्मानं वल्लभहरिरुपिणं ॥ ७ ॥ ब्रह्मैवब्रह्मविद्वर्यं ब्रह्मानंदपरायणं ॥ नमाम्यहंव्यासगुरु वल्लभहरिरुपिणं ॥ ८ ॥

संवत १९६४ फाल्गुनकृष्णत्रयोदशी चंद्रवासरे रचितायंशिष्य

प्रह्लादजी दलसुखराम.

मुकाम वरसोडा.

ॐ अखंडानंदकी जय.

લખનાર હું દેહેગામ પ્રગણે ગામ નાંદોલનો નિવાસી, જ્ઞાતે ઉદીચ્ય શહસ્ત્ર બ્રાહ્મણ, અમદાવાદ નિવાસી, પરબ્રહ્મનિષ્ટ શ્રીમદ્દગુરૂ વ્યાસજી વલ્લભરામ સુર્યરામનો સદાનો કૃપાકાંક્ષી અને એમના ચરણ કમળમાં લુબ્ધ બનેલો ભ્રમર રૂપ મોક્ષમારગી શિષ્ય.

કવી. નટવરલાલ ઉગ્રેશ્વર દ્વિવેદી.

મારા પુર્વના પૂર્ણ પુણ્યયોગે, ગુર્જર શૃંગાર શહેર અમદાવાદમાં મને, સંવત ૧૯૬૮ ના કારતીક શુદી પુર્ણીમાના દિવસે કંઇ કારણથી, રાયપુર પખાલીની પોળના રહેવાશી, પરબ્રહ્મનિષ્ટ સદ્દગુરૂ વ્યાસજી વલ્લભરામ સુર્યરામજીનો સમાગમ થયો, તે સમયે મહારાજના મુખના જ્ઞાનમય વિમળ વાકયાપથી મારૂ અજ્ઞાનમય પાષાણ હૃદય પીંગલાઇ ગયું, અને મને એમજ ભાસ્યું કે, અરે પ્રભુ ? કહેવત છે કે તરણા ઓઠે ડુંગર, તદ્દવત મોક્ષ વસ્તુના મહામાર્ગને માત્ર એક અજ્ઞાન સરખી સુક્ષ્મ વસ્તુવડેજ છુપાવી રાખ્યો છે ? વળી ભ્રમ વસ્તુના ભેદક અને એવી સુક્ષ્મ વસ્તુના છેદક તેમ હું સરખા અજ્ઞાનાંધકારમાં કુટાતા પામ્મર પ્રાણીઓને પરમ સુખકારક પ્રકાશ કર્ત્તા, અંશાવતારી સૂર્યરૂપી સમીપ છો છતાં માનવ લીલાનુંસારી બનીને હું બાળકને અભાની બનાવ્યો છે ? નહી નહી, અજ્ઞાન કૃતીના કર્મ વિપાક પામેલ અધમ ઉલુકો અભાગ્ય પડદાથી અંજાઈ ગયેલા હશે. તેજ તમને સમજી શકવાને શક્તિમાન નહી થસે પણ મનેતો મારા પુર્વના સુકૃત્યોથી સર્વત્ર બીના સમજાઇ ગઇ તે નિર્વીવાદ છે.

એવા વિચારથી શીઘ્ર, તેઓ પરમેશ્વરાંશી મહાત્મા ગુરૂ, વ્યાસજી વલ્લભ રામ સુર્યરામના સકળ તીર્થરૂપ સુકોમળ ચરણ કમળને શરણ થયો અને મારી અલ્પજ્ઞતાથી નિચે મુજબ સ્તવન કર્યું તે તેમણે સાદર સ્વીકારી આ ગ્રંથમાં સુપ્રસિદ્ધ કરી મારા આનંદમાં અભીવૃદ્ધિ કરી છે, બાદ પર્મ વસ્તુની પુર્ણ ઓળખાણ પાડી મને મોક્ષપદનુ પાત્ર મનાવ્યો છે તે બદલમાં ઉપકારાર્થે લખ વાને મારી કલમ ચાલી શકતી નથી એજ વિજ્ઞપ્તિ,

લી૦
સર્વ મોક્ષમાર્ગી બંધુઓનો
સદાનો
પ્રેમાનું રાગી
સેવક. નટવર.

अथ श्री गुरु स्तवन.

રાગ સુદામાની લાવણીનો.

ત્વમેવ માતા ત્વમેવ પીતા ત્વમેવ બંધુ આપ્ત પ્રતિપાળ,
ત્વમેવ ત્રાતા સુખકર શાતા જય ગુરૂ વલ્લભ દેવ દયાળ. ટેક.
ત્વમેવ ટાળક ત્રિતાપ તનના ત્વમેવ તારક ભવામ્બુદ્ધિ,
દ્રવ પસાય મેરી હું અજ્ઞપર આપી આપે અલં બુદ્ધિ;
અપ્રમેય ગુણ અલખ આપના, શે પ્રસ્તારૂં હું શીશુબાળં. ત્વમેવત્રાતા. ૧
પુર્ણ પીપાસાતુર હું પામ્મરને નીર નિર્મળ પાયું સપ્રિત,
જ્ઞાનાર્કોદય કરી મમ ઘટમાં અવલોકાવ્યાં અક્ષરાતીત;
હું પંગુને દીધા પદ પાણી, હું મૂકને કીધો વાચાળ. ત્વમેવ ત્રાતા. ૨
પુણ્યશ્લોક પરમેશ્વર મારી, ભયમય ભવકૃતિ કીધી ભગ્ન
અસ્ખલિત હુધકર દ્રવ કેરા શરણાંગત વત્સલ સર્વજ્ઞ
તમ પદ પદ્મ લુબ્ધ હું અલીને સહરતિ ઘો વર વિરતી વિશાળ;
નિશદીન નટવર રહે શીર નામી, જય ગુરૂ વલ્લભ દેવ દયાળ. ત્વમેવ. ૩

इति स्तवन.

સર્વ મુમુક્ષુ વીરોને વિનંતી કરી કહું છું કે મ્હેં મારા જ્ઞાનદાતા ગુરૂ આજ્ઞાનુંસારે સમજવા લાયક આ નીચે એક પદ બનાવી મુકયું છે તે વાંચો અને વિચારો.

રાગ જાણી જાણી મ્હેતો જાણીરે આ દુનિયાં દીવાની. એ

ગૌરવ સમજ્યો ન ગાઇરે, હો જીવલડા જુઠા
પાછળ મુઓ પસ્તાઇરે, હો જીવલડા જુઠા. ટેક.
વેદ ભણ્યો પણ ભેદ ન જાણ્યો, પાણીમાં ગઈ પંડીતાઇરે, હો જીવલડા. ૧
મિથ્યાભિમાનમાં મસ્ત બનીને, મત્તે કીધી મુરખાઇરે, હો જીવલડા. ૨
બ્રહ્મમાં ભ્રમ કરી ભટકાણો, સત્વન લીધુ સાહીરે, હો જીવલડા. ૩
મોંઘો મનુષ્યાદેહ ધરીને, તારણ કાઢયું ન કાંઇરે, હો જીવલડા. ૪
વિદ્વાનની તેં તો કીર્તિ વધારી, જ્ઞાનીની ગીતા ન ગાઇરે, હો જીવલડા. ૫
જ્યાં સુધિ સુક્ષ્મ વેદ નથી સમજ્યો, ત્યાં સુધિ તુચ્છ મોટાઇરે, હો જીવલડા. ૬
જ્ઞાનદાતા ગુરૂ વલ્લભ વીના, નટવર કહે મોક્ષ નાહીરે, હો જીવલડા. ૭

संवत १९६८ कार्तिक शुक्ल पूर्णिमा विधु वासरे रचितायं शिष्य
नटवरलाल उग्रेश्वर द्विवेदी नांदोल.

ૐ

વિજ્ઞાન વલ્લભ.

મોક્ષેચ્છુઓને માટે.

મનહર છંદો.

વિજ્ઞાન વલ્લભ નામ, આપી જ્ઞાન ગ્રંથ કર્યો;
મોક્ષેચ્છુ મનુશ માટે, સમજે તો સારૂ છે.
વપરાતી વાણી વડે, સર્વને સમજ પડે;
તેવું આ કથન કથ્યું, લેજોજી તમારૂ છે.
સર્વ સીદ્ધાન્તોનું મુળ, વિચારી તત્તવ કાઢયું;
મોક્ષની ઇચ્છા વાળાને, લાગવાનું પ્યારૂ છે.
મતીલા જક્કીલા તેને, ગ્રંથ આ નકામો પડે;
વાંચે કે સાંભળે પણ, ખારૂ ખારૂ ખારૂ છે.

વાંચો તો વાંચજો પુરૂ, વાંચતાં ન રે' અધુરૂ;
પુરૂ વાંચતામાં શબ્દે, શબ્દને વિચારજો.
કીયા ભાવે કીયું વેણ, કથ્યું છે શા સારૂ કે'ણ;
અંતરનો હેતુ જોઇ, ન્યાયમાં ઉતારજો.
દયા છે ધર્મનું મુળ, તેથી જીવો પર દયા;
ધારીને આ ગ્રંથ કર્યો, જનમ સુધારજો.
નથી દ્વેસ નથી કલેશ, ન જોઇએ મ્હતા માન્ય;
વલ્લભ વદે છે ભાઇ, ચોરાશી નીવારજો.

ગ્રંથનું પ્રયોજન.

આજ કાલ કળિયુગે, કંટાળેલા દુનીયાથી;
જન્મ મ્રત્યુ ટાળવાને, જ્યાં ત્યાં ફાંફાં મારે છે.
તેમાંથી ધર્મને નામે, ધન ધુતનારા મળે;
કાં શેવા કરાવનારા, અતી આ સંસારે છે.
તેવા લોભી વ્હેમ વાલી, મોક્ષની લાલચ આલી;
તીર્થ યાત્રા ડેરાં ડેરી, કથામાં સંચારે છે.
જેમ કહે તેમ કરે, ચોરાશીથી બચવાને;
બીચારા ભોળીયા ભક્તો, છેવટમાં હારે છે.

હારે ત્યારે હેઠા બેસે, નાસ્તી કોના ભેગા પેસે;
શ્રદ્ધા હીન બને તેથી, કાંઇક સ્થંભાવશું.
ધર્મ નામે ધન તણા, ધુતનારા ઢોંગી લોક;
પ્રપંચ પાખંડ તેનાં, જગતને જણાવશું.
નાસ્તીકો ન થવા દેવા, રૂડો બ્રહ્માનંદ લેવા;
વણ ધને મોક્ષેચ્છુને, જ્ઞાનમાં ચડાવશું.
સર્વ વિદ્યા તણો સાર, પામ્મર ન પામે પાર;
તેવું તત્વ કાઢીને આ, ગ્રંથમાં બતાવશું.

ઢોંગીયોના ઢોંગ અને, પાપીનાં પોગળ ખોલી;
મોક્ષેચ્છુના હીત માટે, જ્ઞાન સાન દેવી છે.
સંસારી સરળ શબ્દે, સંસય રહીત બોધ;
કરવો તેમાં કયાં કોની, કોડી પણ લેવી છે.
સાચુ લાગો કાચુ લાગો, જેવા જેના સંસકાર;
ધીરા પડી જોજો મુક્તી, તણી યુક્તી કેવી છે.
વાંચી વિચારી જાણો તો, જન્મ મ્રત્યુ ટળી જશે;
વલ્લભની અનુભવી, વાણી જાણ્યા જેવી છે.

જુજવા સ્વભાવ વિશે.

કોઇને છે વેદ પ્રીય, કોઇને પુરાણ પ્રીય;
કોઇને છ શાસ્ત્ર પ્રીય, કોના પર રીજીયે.
કોઇને તો વાણી પ્રીય, કોઇને તો નામ પ્રીય;
કોઇને દર્શણ દેવ, શું શું કામ કીજીયે.
કોઇને તીરથ તપ, કોઇને તો પુન્ય પ્રીય;
કોઇને તો યજ્ઞ યાગ, તત્વ કયાંથી લીજીયે.
કોઇને તો સ્નાન સંધ્યા, કોઇને વર્તો વર્તુલાં;
અજ્ઞાને જુજવી સ્રદ્ધા, કયાં કયાં શીખ દીજીયે.

ગુરૂઓ વિશે.

જગતના જીવ ધર્મ, જાળમાં વિટાઇ રહ્યા;
જડે ન તેમાંથી બ્હાર, નીકળવા જાળીયું.
તન મન ધન બધું, બોહી બેઠા ગુરૂ દ્વારે;
અખંડ અચળ પદ, તોહે નવ્ય ભાળીયું.
કાનોમાં મરાવ્યા દાટા, આંખોયે બંધાવ્યા પાટા;
પંથોમાં પેશીને બધું, જીવતર બાળીયું.
વદે વ્યાસ કળી તણા, પાખંડી પ્રપંચી પંથો;
ગુરૂ ગાદી બેશી સૌને, ગળે ઘાલ્યું ગાળીયું.

પશુવત પ્રાણી માત્ર, બંધને બંધાઇ બેઠા;
પેઠા દેખા દેખી સર્વ, કળી કેરા પંથમાં.
હાલના આચાર્યમાંનો, આચાર્ય કો' કયારે હતો;
સત્ય યુગ ત્રેતા યુગ, દ્વાપરના અંતમાં.
બુદ્ધ જૈન સંકરાચાર્ય, વલ્લભાચાર્ય મદ્ધાચાર્ય;
રામાનુજ કે કબીરો, ખોળી કાઢો ખંતમાં.
નીંબાદીત કે નાનક, કળી થકી પ્હેલાં હોયે;
તો તે સોધી આપો કોઇ, કે પુરાણા ગ્રંથમાં.

કેવલકે એક લેશ, ઉદો કે પ્રણામી બીજ;
રાધા વલ્લભી બ્રહ્મવાદિ, વળી સ્હેજાનંદનો.
નીરાત કે કાંછળીયો, સમાજી કે દાદુ પંથ;
કહે પાર આવે નહી, કળી કેરા ફંદનો.
વેદ શાસ્ત્ર પુરાણમાં, ઉપરના ક્યાં લખ્યા છે;
ન લખ્યા તો નવા જાણો, તે હેતુ આ છંદનો.
નવા હવા કળી તણા, ગુરૂ થઈ બેઠા ઘણા;
વદે વ્યાસ માનવી કો, માને મતી મંદનો.

નવાતે નકલ જાણો, આદ્ય માર્ગ ઉર આણો;
સત્ય ત્રેતા દ્વાપરમાં, જે જે ધર્મ ચાલતો.
તે તો કળીયે છોડાવ્યો, જુઠે જીવડો જોડાવ્યો;
ગુરૂ રૂપ થઇ કળી, મન માન્યું મ્હાલતો.
જુના વિચારોના પ્રાણી, કેટલુક મરે તાણી;
ધુળ ધાણી કરી કળી, ધરમોમાં ફાલતો.
વદે વ્યાસ પામી ત્રાસ, જીવોનું જીવત બોળ્યું;
કુકર્મિ કને ઉપાય, કાંઈ નથી ચાલતો.

ધર્મના વિભાગો પાડી, ગુરૂ બેઠા ધંધો કાડી;
દોડાવે ઘોડાને ગાડી, ખાવુ પિવું સુખમાં.
ખુરશી પલંગ કોચ, તળાઈ ઉશીકાં મોજ;
અત્તર ફુલેલ વળી, પાન બીડાં મુખમાં.
બોધ કરે મીથ્યા માયા, મીથ્યા કાયા મીથ્યા જાયાં;
કહી હરે ધન નાંખે, દુનીયાને દુઃખમાં.
પોતે બેસે ગાંઠ કરી, જે કે'ણી કે રે'ણી ખરી;
જગતમાં ભગતને વ્યાસે, જોયા ભમ્તા ભુખમાં.

ભોગવે વૈભવ ગુરૂ, પર ધન કહે બુરૂ;
પોતે તો મેળવે પુરૂ, મીષ્ટાનો ઝુડાવવા.
ધન માલ અને આપી, ગુરૂ સેવા ચર્ણુ ચાંપી;
કરો પછી મોકલીયે, ઇશ્વર હુંડાવવા.
એમ કહી માયા હરે, શેવકોને સાધુ કરે;
પોતે લક્ષમીથી તરે, બીજાને બુડાવવા.
ધીક ગુરૂ એવા એવા, વદે વ્યાસ પૈસા લેવા;
સો ભીખારી કરી પોતે, મોજમાં ઉડાવવા.

ગુરૂ અન લેવા ઇછે, તો તો સીષ્ય ધન ઇછે;
ગુરૂ દામ ઇછે સીષ્ય, પુત્ર લેવા ચ્હાય છે.
ગુરૂ શેવા ઇછે તો તો, સીષ્ય ઇછે પરસાદી;
ગુરૂ મ્હોટૈ ઇછે સીષ્ય, માન્ય ભોગી થાય છે.
ગુરૂ ઇછે કીરતી તો, સીષ્ય આઉકાર ઇછે.
ગુરૂ ઇછે ચાકરી તો, સીષ્ય વાન્ગી ખાય છે.
ગુરૂ સીષ્ય એવા દાવ, ખેલ્યા કરે ખલકમાં;
જ્ઞાન વિના છેવટમાં, સીષ્ય છેતરાય છે.

કુન્ડળીયા.

ધપ્પા બાજી ચલ રહી, સબહી ધરમકે બીચ;
લછમી સબકુ ચાહીયે, ઐસી બુદ્ધી નીચ.
ઐસી બુદ્ધી નીચ, ખીંચ કર લેની માયા;
જુઠ કરતહે બોધ, કહત જુઠ જાયા કાયા.
લોગોંકી ચતરાઈ, કહાં ગુરૂ કાં કાજી;
કહેત વલ્લભરામ, ચલી રહી ધપ્પા બાજી.

કરતા બોધ બૈરાગકા, રાગ રખત હે આપ;
ભગવા બાગા પેનકે, દેત્રે સબકું થાપ.
દેત્રે સબકું થાપ, માપ નીકારા જકીયા;
બૈઠે આપ તલાઇ, પીછારી મુખબલ તકીયા.
પંખા પુષ્પ ગુલાબ, માન્ય મહતા આચરતા;
કહેત વલ્લભરામ, બોધ બૈરાગી કરતા.

—o—

સર્વને સમજુત.

મનહર છંદો.

વિચારો વિશ્વના પ્રાણી, બોધી બોધ કરે જાણી;
કહે માયા ધુળ ધાણિ, પોતે શીદ મેળવે.
ભક્તોને કર્યા ભીખારી, પોતાને તો પુંજી પ્યારી;
પુંજીની વ્યવસ્થા કરી, કારીગરી કેળવે.
પારકુ ખાવુ છે ખાણું, નાના કહી લેવુ નાણું;
નાણું લીધા વિના કીયો, પંથમાંજ ભેળવે.
વૈભવ વગોવે મોઢે, પોતે તળાઇમાં પોઢે;
હૈયામાં તો હાશ થુથુ, જીભડીને ટેળવે.

જગતાના જીવો સારૂ, પરોપકારી પુન્ય જાણિ;
બોધ કરે પણ ધન, ઉદ્યોગનું ચાહ છે.
કાં કરે વ્હેપાર ધંધો, કાં રે પરાયાનો બંધો;
કાંતો મજુરી કરીને, ગ્રસ્થમાં ગણાય છે.
પણ ધર્મ નામે ધન, લેઈ ધનવંત બને;
તેણે તો ઉદ્યોગ માંડયો, ઉઘાડુ જણાય છે.
કળીમાં અજ્ઞાની કાંય, જાણે ન પ્રપંચ માંય;
વદે વ્યાસ ભોળા ભક્તો, ભીખારીજ થાય છે.

બોધી પરોપકારી નામ, તેને બીજુ શું છે કામ;
હરી ફરી ઇછે એક, પોસવાને પેટીયું.
તેને ન જોઇએ ધામ, તેને ન જોઇએ દામ;
તેને ન બોલાવાકોનાં, બેઠડાને બેટીયું.
પર પૈસે લેવી હવા, મૂંકામો બંધાવે નવા;
પોતાને નામે તે દામ, કો' કયાં દુઃખ વેઠીયું.
વિવેકી વિચાર કરો, કેવો ખેલ ખોળ્યો ખરો;
વદે વ્યાસ યુકતી વડે, સર્વનું સમેટીયું.

વિદ્વાંનો વિશે.

વિદ્વાનોએ વાંકુ વાળ્યું, ધરમનુ બીજ બાળ્યું;
ભાળ્યું ભરમાવવાનું, તેમનાજ મુખથી.
વ્યાકરણોની વડાઇઓ, લડવાની લડાઇઓ;
બોલવાની બડાઇઓ, લક્ષમીની ભુખથી.
ભોળીયાને ભમાવાનું, આપને તો કમાવાનું;
પોતાનું કલ્યાણ કેમ, જાણ્યું નહી સુખથી.
ભણ્યા તો સમજ્યા નહી, સમજ્યા તો શ્રદ્ધા નહી.
તે વિદ્વાનો વદે વ્યાસ, શું છોડાવે દુઃખથી.

વિદ્વાનોની વઢવાડયો, જેવી ધોળે દાડે ધાડયો;
શાસ્ત્રાર્થોમાં શબ્દો ફેંદી, તત્વ કોણે કાડીયું.
ઇદ ધાતુ વિદ ધાતુ, વ્યાકરણોને વિભકતીયો;
વળગાડી શબ્દો ચુંથ્યા, મહત્વ દેખાડીયું.
કાંતો ભણી બ્રહ્મ થયા, પરોક્ષ પ્રભુ ન જાણ્યો;
ધર્મ કર્મ ભાગવત, સર્વ જુઠું પાડીયું.
વેદાન્તના મુળ શબ્દો, તેમાં શું કર્તાની ખામી;
રહી હશે તેથી તેણે, વ્યાકણ વળગાડીયું.

ઇંદ્રવિજય છંદ.

સાચા સુથારનું સાલવેલું સાલ;
વાંસલા રૂપી વ્યાકરણેજ છોલે.
ધાતુ વિભક્તી રૂપી કરી ફાચર;
કુટી ઘાલ્યું સાલ ગુમાર ગોલે.
તેમ કળીના કારિગર વિદ્વાન;
ખેંચી બેસાડીને બડાઈ બોલે.
વેદનો કર્તા તે ન્હોતો શું વિદ્વાન;
ન સમજેલો શું મુરખ તોલે.

બુદ્ધીશાળીને બોધ.

મનહર છંદો

સંસારી વ્હેવારી સહુ, વ્હેવારમાં કુશળતા;
વ્હેવારોના પ્રપંચને, પરખે પલકમાં.
વ્હેપારી વકીલો ન્યાયા, ધીશ કે સોલીસીટર;
બેરીષ્ટર હોય પણ, જાણે ન અલકમાં.
મોક્ષનો મારગ ન્યારો, સમજે ન કો બીચારો;
તેથી થયા ઉપ્દેશકો, મસ્તાના મલકમાં.
ભલ ભલ્લા ભરમાયા, સંસકૃતે સરમાયા;
વદે વ્યાસ તેથી ખોટા, ખેલે છે ખલકમાં.

કોઈ બોલે સંસકૃત, કોઈ બોલે પરાકૃત;
કોઈ બોલે ઉર્દુ ફ્રેન્ચ, ઈંગ્રેજી ઈંગ્રેજ છે.
જે જે ભાશા જે જે ભણ્યો, તે ભાશામાં તે પ્રવિણ;
ભણેલી ભાંખવી ભાશા, તે તો સૌને સેજ છે.
સંસકૃતી ભોમી કહે, પરાકૃતી પ્રથ્વી કહે;
ઉર્દુમાં જમીન કહે, શબ્દ મુદ્દો એજ છે.
ફ્રેન્ચ ભાશા મોન્દ કહે, ઈંગ્રેજીમાં અર્થ કહે;
મત્લબે પ્રુથવી થઈ, વસ્તુ તેની તેજ છે.

સંસ્કૃતે સરમાઇ, ભોળા બેઠા ભરમાઇ;
વિદ્યાની વડાઇ માની, અજાણે વેચાયા છે.
જેનું જે જાણેલું નહી, નવું જાણી પડે નહી;
પુરા ન પ્રવિણ તેથી; ખેંચ્યા ત્યાં ખેંચાયા છે.
સંસ્કૃતે સૌને નમાવ્યા, ન ભમે તેને ભમાવ્યા;
વળી ચરણો ચંપાવ્યા, કેવા ઘર ડાહ્યા છે.
લીધાં જર થયા તર, મન માંન્યાં ભર્યાં ઘર;
વદે વ્યાસ ઉપદેશી, ઐ પ્હોચીઙ્ગી માયા છે.

આજ કાલ જ્ઞાન વિના, વિદ્વાનોની વાણી સુણી;
વચનોને ગ્રહિ રહી, ભોળીયા કુટાય છે.
આચાર્યોના ભભકાથી, ભારે ભરમાઇ જઇ;
સાર સોધ્યા વિના, ભગ્તો, લક્ષ્મીથી લુટાય છે.
થતી નથી સદ ગતી, જ્ઞાન વિના એક રતી;
ગુરૂ જેમ ધુટે તેમ, ગાંડીયા ધુંટાય છે.
મોક્ષ મારગનું તત્વ, પ્રણુવ છે એકાક્ષર;
તેના પુર્ણ જ્ઞાને ધ્યાને, ચોરાશી છુટાય છે.

સુજ્ઞ જનો સમજીને, કર્મ ઉપાસના કરો;
પુન્ય દાન કરો પણ, જ્ઞાન સૌનું મુળ છે.
રાજા વિના પ્રજા જેવી, પતી વિના પત્ની જેવી,
કન્યા વિક્રયો વાળાનું, જુઓ જેવું કુળ છે.
રતુ વિના ફળ જેવું, જીવ વિના વપુ જેવું;
જેવો ગ્રથ સ્પર્શ વિના, રાંધેલો તાંન્દુળ છે.
નેત્ર વિના સુર્ય જેવો, પુત્ર વિના ગ્રસ્થ જેવો;
તેવી રીતે જાણો ધ્યાન, જ્ઞાન વિના ધુળ છે.

વેદાન્તના વેદાન્તીને, શટ શાસ્ત્રના શાસ્ત્રીને;
પુરાણોના પુરાણીને, વિદ્યા જીભ હેઠે છે.
મ્હાનંતો મંદીર તણા, જોગીયો જંગલ તણા;
વૈરાગી વ્હેવાર તણા, અતી કષ્ટ વેઠે છે.
ભગ્તો ભગવત તણા, નામી દાસો નામ તણા;
સેવકો આચાર્ય તણા, ગુરૂઓને ભેટે છે.
વ્હેવાર વિવેક નીતી, ન્યાયને પ્રણવ પાંચ;
સમજ્યા વગર મોક્ષ, જ્ઞાન ઘણું છેટે છે.

કળીની કુબુદ્ધી વડે, બનાવટી ગ્રંથો બન્યા;
કાંતો કર્યું ઉમેરણ, શું સુજ્યું છે પાપીને.
સંસ્કૃતની ભાશા તણા, સંસ્કૃત અક્ષર લખી;
પુસ્તકો પસાર્યા રૂશી, તણાં નામ આપીને.
જુઠા લીધે સાચા ગ્રંથ, જુઠા જગતને ભાશ્યા;
કીયા સાચા કીયા જુઠા, માપ શું લે માપીને.
અનુભવ વિનાના જે, ભણેલા તે ભલે ભટે;
ધન્ય અનુભવિ જ્ઞાન, દે અજ્ઞાન કાપીને.

---- ** ----

શ્રી કૃષ્ણે કરૂણા કરી, ગીતા ગ્રંથ દરસાવ્યો;
તે ગીતામાં કે'ણ વેંણ, ચાર પરકાર છે.
ભયાનક એક વેણ, બીજુ છે રૂચક વેણ;
ત્રીજુ છે સ્વારથ વેણ, તેનો જુદો સાર છે.
ચોથુ છે યથાર્થ વેણ; તેમાં સત્યે સત્ય કે'ણ;
તે કે'ણના વેણ ગ્રહે, તેનો તો ઓદ્ધાર છે.
ચારે વેણ તણા ભેદ, જાણનારો જ્ઞાનવાન;
તે વિના તો વાંચનારા, વિદ્વાનો હજાર છે.

વિદ્વાનો ભણેલા પુરા, જ્ઞાનમાં અતી અધુરા;
તેવા વિદ્વાનો તે શાબ્દ, પ્રમાણોને માગે છે.
અનુમાન ઉપમાન, પ્રત્યક્ષ ન અનુભવ્યા;
ફક્ત શાબ્દ પ્રમાણોથી, લડવાને લાગે છે.
માટે ગીતાના પ્રમાણો, આપીને આ ગ્રંથ કર્યો;
એકલાં યથાર્થ વેણ, લેતાં શંકા ભાગે છે.
મોક્ષ તણું કામ તેને, બીજાં વેણ નકામનાં;
એકલાં યથાર્થ લેઇ, ત્રણ વેણ તાગે છે.

દ્વેશીલાને ઝેરીલા જે, વિદ્વાનોને આચાર્યો તે;
કે'શે આ વિજ્ઞાન ગ્રંથ, કયાં શબ્દ પ્રમાણ છે.
પણ શાબ્દ પ્રમાણ તે, અંધની જેષ્ટીકા તુલ્ય;
અનુમાન પ્રમાણ તે, જ્ઞાને રામ બાણ છે.
શાબ્દ શોભા વિદ્વાનોને, અનુમાન જ્ઞાનીયોને;
અનુમાન પ્રમાણ શું, મ્હોની ખેંચા તાણ છે. !
તે કર્તા વિચારી જુઓ, વિજ્ઞાન વલ્લભ ગ્રંથ;
એકાક્ષર પ્રણવ શું, ૐ અપ્રમાણ છે. ?

કેટલા જનમ શુભ, કર્મો કરીને વધેલા;
કેટલા જનમ કાઢયા, હશે પુન્ય દાનમાં.
કેટલા જનમ કાઢયા, હશે જપ તપ કરી;
કેટલા ઉપાસનાથી, ઇશ્વરના ધ્યાનમાં.
કર્મ ઉપાસના કાન્ડ, બે કરીને ત્રીજે આવે;
પછી જ્ઞાન કાન્ડે પેસે, થાય પ્રીતી જ્ઞાનમાં.
જ્ઞાનથી પુરણ થઇ, જ્ઞાન રૂપને તે જાણે;
તેવા જ્ઞાનમાં આવેલા, સમજે આ સાનમાં.

ચાહ્ય તેવી વિદ્યા યુકતી, તેથી નવ્ય હોય મુકતી;
જ્ઞાન વિના નથી મોક્ષ, મ્હાત્માનો પોકાર છે.

તેમ શીવ ગીતા વિશે, શીવે કહ્યું પાર્વતીને;
માટે વિદ્યા ભલે ભણે, પણ કયાં ઓદ્ધાર છે.

મુકતી જ્ઞાન વિના નથી, શ્રુતી પોકારીને કહે;
તેમ છતાં વિદ્વાનોને, કયાં તેનો વિચાર છે.

પણ મોક્ષ ઇછનારા, માનવીયો માની લેજો;
ૐ જ્ઞાન મેળવો તો, અભય અપાર છે.

જ્ઞાન શ્રેષ્ટ અને જ્ઞાનથીજ મોક્ષ.

તેનાં પ્રશ્નોત્તર

પ્રશ્ન.

વિદ્વાનોની વિદ્યા જે વેદ શાસ્ત્ર.
તેણે સાયુજ્ય મુકતી ખરી કે નહી.

ઉત્તર. ના

नवेदाध्ययनान्मुक्ति, र्नशास्त्रपठनादपी ।
ज्ञानादेवहिमुक्तिस्यात, नान्यथाममभाषितं ॥

મતલબ વેદનું અધ્યયન કરે શાસ્ત્ર પઠન કરે તો પણ મુકતી થતી નથી, અને જ્ઞાનથીજ મુકતી થાય છે. આ પ્રમાણ શીવ ગીતાનું છે.

પ્રશ્ન.

ગંગાસ્નાન પુન્ય દાન વર્ત વિગેરેથી સાયુજ્ય મુકતી થતી હશે કે નહી.

ઉત્તર. ના

कुरुतेगंगासागरगमनंव्रतपरिपालनमथवादानं ॥
ज्ञानविहिनेसर्वमनेनमुक्तिर्भवतिजन्मशतेन ॥

મતલબ ચાહ્ય તે કરે પણ જ્ઞાન વિના સાયુજ્ય મુકિત નહી.

પ્રશ્ન.

કાંઈ વેદનું પ્રમાણ છે.

श्रुति.

रुतेज्ञानन्नमुक्तिः

વેદની શ્રુતી કહે છે જ્ઞાન વિના મુકિત થતી નથી.

પ્રશ્ન.

મોક્ષનું વશીકરણ શું.

भावेनदेवंकलयानरेद्रं, धनेनकान्ताकपटेनशत्रु ॥
सत्ये न मित्रं कृपयाचपुत्रं, ज्ञानेनमोक्षंवशमानयंत्ति ॥

મતલબ; મોક્ષ, જ્ઞાનને વશ છે.

પ્રશ્ન.

ज्ञान પામેલા ગ્નાની શ્રેષ્ટ હશે કે વિદ્વાન શ્રેષ્ટ હશે.

ઉત્તર

ગ્નાનવાન શ્રેષ્ટ છે.

द्वि द्वि लोचन सर्वाणां विद्या नामत्रि लोचनं ॥
चतुर्थ लोचन धर्माणां ज्ञानी अनंत लोचनं.॥

મતલબ બે બે લોચન સર્વ પ્રાણીને હોય છે. પણ અભણ હોવાથી તે આંધળામાં ગણાય છે. ને વિદ્વાનને વિદ્યા રૂપી ત્રીજી આંખ છે. તેનો હીસાબ એવો સંભવે છે કે જગતની રીત પ્રમાણે તો વિદ્વાનો પણ બે આંખે આંધળા છે. પણ તેમની પાસે વિદ્યા રૂપી ત્રીજુ લોચન છે, તે વડે તે એક આંખે દેખતા છે. એક આંખવાળાને કાણીયા ગણાય છે. ને ગ્નાન મારગે ચઢેલો ને ધર્મા-સ્તીક જે છે તેને ગ્નાન મારગ રૂપ અને ધર્માસ્તીક રૂપ બે આંખો છે. અને ચોથા ચરણમાં એમ કહ્યું કે ગ્નાનીને અનંત લોચન છે. માટે વિદ્વાન કરતાં ગ્નાનવાન શ્રેષ્ટ છે. વળી વિદ્વાનોને એકલા શાબ્દ પ્રમાણોનોજ એટલે પુસ્તકોનોજ અનુભવ છે. અને ગ્નાનવાનને અનુમાન પ્રમાણ ઉપમાન પ્રમાણ પ્રત્યક્ષ પ્રમાણ અને શાબ્દ પ્રમાણ એ ચારે પ્રમાણોનો અનુભવ છે. તેથી તે ગ્નાનવાન પુરૂશો પુસ્તકોના પ્રમાણોમાંથી ઉતપન થયેલી શંકાઓનું અનુમાન ઉપમાન વિગેરે પ્રમાણોથી સમાધાન કરે છે. તેથી ગ્નાનવાન શ્રેષ્ટ છે. અને ગ્નાનવાનના કરતાં ગ્નાનવાનના રદયમાં રહેલું જે ગ્નાન તે ગ્નાન શ્રેષ્ટ છે. તેથી તે ગ્નાન ગ્નાનવાન પાસેથી લેઇ ગ્નાનવાન થવું.

પ્રષ્ણ.

જ્ઞાન કેવી રીતે લેવાય.

મનહર છંદ.

અગમની ગમ નથી, તેણે જ્ઞાની પાસે જઇ;
સાષ્ટાંગ નમન કરી, અંતરમાં રીજીયે.
સત્વ ગુણે શેવા કરી, મત જક મુકી પરી;
સત્ય મને ચિત્ત ધરી, ન્યાઇ પ્રષ્ણ કીજીયે.
તેનો દે ઉત્તર તેમાં, શંકા હોય તો તે કે'વી
થાય શંકા સમાધાન, તો તે રસ પીજીયે.
ગીતાના ચોથા અધ્યાના, ચોત્રીસમા શ્લોકે કહ્યું;
તેમ કરી જ્ઞાનદાતા, કને જ્ઞાન લીજીયે.

આ ઉપરના છંદમાં કહ્યા પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત કરવું. તેણે કરીને સર્વ પ્રકારના દુખની શાન્તી અને અખન્ડા નંદની પ્રાપ્તી થશે. કેમ કે જ્ઞાન વડે, જ્ઞાન રૂપ પરમાત્માના પદની પ્રાપ્તી થાય છે. કારણ કે જે પરમાત્મા છે તે જ્ઞાનની વસ્તુ છે એટલે તે જ્ઞાન રૂપ છે. તે જ્ઞાનથી જાણી શકાય છે. એવું ગીતાજીના ૧૩ મા અધ્યાયના ૧૭ મા શ્લોકમાં શ્રી કૃષ્ણ ભગવાનેજ કહ્યું છે. વળી યજ્ઞ યાગો કરતાં જ્ઞાન યજ્ઞ અતી સેષ્ટ છે. તેવું ગીતાજીના ૪ અધ્યાયના ૩૩ મા શ્લોકમાં શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું છે. માટે મોક્ષેચ્છુ જનો જ્ઞાન પ્રાપ્ત કરો: એટલે જ્ઞાન સ્વરૂપ પરમાત્માને જ્ઞાને કરીને યથાર્થ જાણો. તે ક્યાં છે, ને કેવા છે, ને તેમાં શું સુખ છે એવું તેવું સર્વ તેમાં જાણિને તે કેવું કરવાથી પ્રાપ્ત થાય છે. તેનું સોધન કરીને રચ્યા મચ્યા રહો તો જન્મ મ્રત્યુ ટળી અખંડા નંદની પ્રાપ્તી થાય.

પ્રશ્ન.

જ્ઞાન પ્રાપ્ત કરે પણ અજ્ઞાન અવસ્થામાં ઘણાંક પાપ કર્મથી પાપી હોય તેનું કેમ થાય.

ઉત્તર

પાપીમાં પાપી હોય તે પણ જ્ઞાને કરીને તરી જાય છે. તેવું ગીતાજીના ૪ અધ્યાયના ૩૬ મા શ્લોકમાં શ્રીકૃષ્ણ પ્રભુએ કહ્યું છે. માટે જ્ઞાન મેળવો.

વળી માહા પવિત્ર કરનાર જ્ઞાન સમાન બીજુ કાંઇજ પવિત્ર નથી. તેવું ગીતાજીના ૪ અધ્યાયના ૩૮ મા શ્લોકમાં કહયું છે.

વળી જ્ઞાન પ્રાપ્ત કરનારો પરમ શાન્તીને પામે છે તેવું ગીતાજીના ૪ અધ્યાયના ૩૯ મા શ્લોકમાં કહયું છે.

વળી જ્ઞાનવાનના ભુલે ચુકે થયેલાં ગમે તેવાં કર્મ હોય પણ તેને જ્ઞાન રૂપી અગ્ની બાળી ભસ્મ કરે છે. તેવું ગીતાજીના ૪ થા અધ્યાયના ૩૭ મા શ્લોકમાં કહયું છે.

વળી જેણે જ્ઞાન વડે સર્વ સંશયો છેદી નાંખ્યા છે. તેવાને કર્મ બંધન કરતા નથી તેવું ગીતાજીના ૪ અધ્યાયના ૪૧ મા શ્લોકમાં કહ્યું છે.

માટે જ્ઞાન મેળવો, ને જ્ઞાનની ઇચ્છા રાખો. જ્ઞાનની ઇચ્છા વાળો સંસારમાં રહ્યા થકો સદા મુક્ત છે એવું ગીતાજીના ૫ મા અધ્યાયના ૨૮ મા શ્લોકમાં કહ્યું છે.

વળી જ્ઞાનમય મોક્ષપદ પરમાત્માના સ્મર્ણથીજ મોક્ષની પ્રાપ્તી છે. તેવું ગીતાજીના ૮ મા અધ્યાયના ૬ ઠા શ્લોકમાં કહયું છે. તેમાં ભાવાર્થ એવો છે કે જે જેનું સ્મર્ણ કરે છે તે તેનેજ પામે છે. વળી તે વિશે શ્રુતી એમ કહે છે કે

શ્રુતિ.

मरणे या मती सागती.

વળી કહેવત છે કે વાશા ત્યાં આશા.

માટે મોક્ષની ઇચ્છાવાળાઓએ જ્ઞાન રૂપ પરમાત્માના સ્વરૂપને યથાર્થ જાણિને મોક્ષની ઇચ્છા રાખી જે મુળ રૂપ પરમાત્મા છે તેનુંજ ધ્યાન કરવું

વળી જ્ઞાનવાન અવિનાશી પદને એટલે મોક્ષ પદને પામે છે. તેવું ગીતાજીના ૧૫ મા અધ્યાયના ૫ મા શ્લોકમાં શ્રી કૃષ્ણે કહયું છે.

વળી મોક્ષ પામનારા મોક્ષ પામ્યા પછી પાછા આવતા નથી તેવું ગીતાજીના ૧૫ મા અધ્યાયના ૬ ઠા શ્લોકમાં શ્રી કૃષ્ણ પ્રભુએ કહયું છે.

મુળ વસ્તુનાં
નામો યાદ રાખવા વિશે.
મનહર છંદો.

પર્મેશ્વર તણાં નામ, આગળ પડશે કામ;
વાંચતાં વિચારવામાં, ઉપયોગ આવશે.
નામો વિશે ગુણ છે ને, નામો વિશે મહીમા છે;
માટે યાદ રાખશો તો, સમજવું ફાવશેઃ
નીરંજન નીરાકાર, નીરલેપ નીરદોશ;
નીશ્કલંક નીર બાધી, જ્ઞાનથી બતાવશે.
નીરોપાધી નીરાકૃત્ય, ન્યારોને નીશ્ચળ બ્રહ્મ;
આ સૌ યાદ રાખશો તો, અજ્ઞાન હઠાવશે.

અજર અમર અને, અવિનાશી અવિચળ;
અદ્વૈત અનાદી વળી, અકળીત નામ છે.
અછેદ અભેદ અને, અકર્તા અખંડાનંદ;
તુર્યા તીતઃ ગુણા તીત, માયા તીત શામ છે.
નિત્યને અક્ષરા તીત, પર્માત્માને પર્મેશ્વર;
પર્મ બ્રહ્મ પર્માનંદ, જે ધે મોક્ષ ધામ છે;
આવાં તો અનંત નામ ગુણ મ્હૈમા સત્તા સૈત;
વિશ્વેશ્વર ઈશ્વર તે, બે માયા મુકામ છે.

દ્વૈતને ત્રીપુટીનાં નામો.

ગુણી અને ગુણા તીત માયા અને માયા તીત;
જીવ અને શીવ એવું, દ્વૈત તર્ક તાણજો.
આત્મા અને પરમાત્મા, લોકીકને અલોકીક;
જડને ચૈતન્ય એવા, બે શબ્દો પ્રમાણજો.
નાશી છે ને વિનાશી છે, જુઓ ત્રીજુ અવિનાશી;
બ્રહ્મ પરબ્રહ્મ ત્રીજુ, પર્મ બ્રહ્મ આણજો.
વ્યકતી વકત ને અવ્યકત, ક્ષરને અક્ષર વળી;
ત્રીજુ છે અક્ષરાતીત, ત્રીપુટી તે જાણજો.

ૐ જ્ઞાનની શ્રેષ્ટતા.

મોક્ષ તણા ઇછનારા, મુમુક્ષુ જનોને શીખ;
માઇક લલુતા મુકી, મોક્ષપદ માગજો.
મોક્ષ પદ જ્ઞાન વિના, હોતુ નથી કોઇ કાળે;
તેથી જ્ઞાન તે શી વસ્તુ, જોવા માટે જાગજો.
વેદ શાસ્ત્ર જ્ઞાન ગણો, તો તે ભણી રે'શો કયારે;
બે જન્મે ન થાય પુરૂ, તેથી તેને તાગજો.
સર્વ તણો સાર એક, ૐ કાર પ્રણવ છે.
તેનું જ્ઞાન મેળવવા, સમાગમે લાગજો.

વેદાન્તનો અંત નહી, શાસ્ત્ર તણો છેડા નહી;
પુરાણોનો પાર નહી, સોધન શું કાડીયે.
ઉપ્નીશદે તાગ નહી, કથાનો કીનારો નહી;
વાણીનો વિસ્તાર અતી, શું શું જોવા માંડીયે.
વ્યાકરણોની વઢ વાડયો, આચાર્યોની હોંસા તોંશ;
તેથી સર્વ પ્રાણી પડયા, ખલકની ખાડીયે.
પણ મુમુક્ષુઓ માટે, પ્રણવજે ૐ કાર;
એકાક્ષર મંત્ર તેની, સમજણ પાડીયે.

ધ્યાન આપો ધ્યાન આપો, જન્મ મર્ણ કષ્ટ કાપો;
વિજ્ઞાનનું માપ માપો, મોક્ષપદ કારણે.
નથી લેવું નથી દેવું, તો પણ આળસ કેવું;
ફરી નથી આવવાનું, મનુશાને બારણે.
અન્ય દેહે મોક્ષ જ્ઞાન, કો કાળે થવાનું નથા;
માટે વિજ્ઞાની બનીને, સદા રહો ધારણે.
પ્રણવને સમજો તો, સર્વ તણો સાર તેછે;
એકાક્ષર અનુભવો, વ્યાસ જાય વારણે.

ૐ વેદો તણુ મુળ, ૐ ગાયત્રીનું મુળ;
ૐ એકાક્ષર મંત્ર, ગીતામાં વિખાણ્યો છે.
ૐ છે વાણીનું મુળ, ૐ બાવનનું મુળ;
ૐ જાપ જપવામાં, શીવજીયે નાણ્યો છે.
ૐ કારેશ્વર નામ, કલ્યાણ વાચક ૐ;
ૐ છે પ્રણવ મુળ, ઓમે તત્વ તાણ્યો છે.
ૐ આખુ વિશ્વ બીજ, ૐ છે અક્ષર ચીજ;
ૐ ૐ ૐ સત્ય, વલ્લભે તં જાણ્યો છે.

ૐ ને જપવા વાળો ઉત્તમ ગતીને પામે છે તેવું ગીતાજીના ૮ મા અધ્યાયના ૧૩ મા શ્લોકમાં કહ્યું છે. તેમ જાણવા યોગ્ય ૐ કાર છે તેવું ગીતાજીના ૯ મા અધ્યાયના ૧૭ મા શ્લોકમાં શ્રી કૃષ્ણ પ્રભુએ કહયું છે. માટે ૐ કારને યથાર્થ જાણવો જોઇએ એટલે, ૐ કાર શું છે, અને ૐ માં શું શું છે. તે તમામ જાણવુંજ જોઇએ. તેમ છતાં શ્રી કૃષ્ણ ભગવાવનું વચન ઓલંઘન કરીને ૐ કારને યથાર્થ જાણ્યા વીના ગમે તેટલા ૐ કાર જપે, પણ તે નિસ્ફળ છે. જેમ પોપટ રાધા કૃષ્ણ, કૃષ્ણ ગોપી અચરે અચરે રામ કહ્યા કરે છે તેથી તેના પાંજરાનું બંધન છુટતું નથી તો દેહનું બંધન તો કયાંથીજ છુટે.


તેમજ ૐ કારના જ્ઞાન વિના એટલે ૐ કારને યથાર્થ જાણ્યા વીના લક્ષ ચોરાશીનું બંધન છુટતું નથી. માટે મોક્ષેચ્છુઓ ૐ નું યથાર્થ જ્ઞાન મેળવો.

ૐ અક્ષરની સમજુત.

છંદ.

ૐ શબ્દ ઉચ્ચાર તે, વેદ નારાયણ તણો;
વેદ વકતા નીચે વિશ્વ, પન્ડીતો પ્રમાણજો.
અકાર છે ઇશ્વરોનો, મકાર છે માયા તણો;
ઉકાર જીવાત્માઓનો, અંતરમાં આણજો.
અ, ઉ, મ, અક્ષર ત્રણ, તે ત્રૈણેનો એક થયો;
તે અક્ષર એક પર, અર્ધ માત્રા તાણજો.
એ સંજ્ઞા અક્ષર વસ્તુ, પર બ્રહ્મ વેદ વકતા;
અક્ષરથિ અક્ષરા તીત, ન્યારો છે તે જાણજો.

અકારમાં ઇશ્વરોનું અધીષ્ઠાન છે. તેનું પ્રમાણ ગીતાજીના ૧૦ મા અધ્યાયના ૩૩ મા શ્લોકમાં બતાવ્યું છે.



परमेश्वर. परीब्रह्म. परमात्मा
सर्वेश्वर. पुराणब्रह्म. परमब्रह्म.
अखंडानंद. सच्चीदानंद. अक्षरातीत
मायातीत. तुरीयातीत. त्रिगुणातीत.
ॐ ना ऊपरनुं बिन्दुनी संज्ञा ते आपेहेलुं चीत्र
तेने महात्मालोको ऊपरना नामोथी समरे छे

~~~

विश्वेश्वर परब्रह्म. परात्मा
विश्वंभर विश्वानंद विश्वनाथ.
विश्वोत्तम. मायावशीष्ट ब्रह्म.
प्रकृति पुरुष सगुण ब्रह्म
तत्व माया ऐ साकार अक्षर.
आद्य नारायण, वेदनारायण, वेद वक्ता

ॐ ना ऊपरनी अर्धमात्रा छे, तेने घणा लोको अर्ध मात्रा पण कहे छे ते अर्धमात्रानी संज्ञा ते आ बीजुं चित्र तेने घणा लोको ऊपरना नामोथी समरे छे

~~~

ईश्वरो ब्रह्म. अंशात्मा. क्षर.
पुरुषोत्तम. सुजानंद जगधीश
आ विश्वमां गणाय छे. विद्यामाया.

ॐ मां अकारनुं वांकडुं छे. तेमां शक्ति, शिव, विष्णु, ब्रह्मा, ए चार स्वरूपनुं स्थान छे, तेथी ईश्वर कोटीमां गणाय छे. तेने भक्तलोक शक्ति शीव विष्णु, ब्रह्मा एवा नाम समरे छे, ने महात्मालोको ईश्वर नामे समरे छे.

ईश अथवा ईष्ट. सर्वं ब्रह्म एटले सूर्य, चंद्र, वायु, अग्नि, पृथ्वि, वरुण विगेरे देवो तेने महात्मा, अथवा भक्त लोको ऊपरना नामोथी समरे छे, तेनुं स्थान मध्य माया मकारमां छे.

आ स्वर्ग मृत्यु ने पाताळ ते त्रण लोक जगतमां गणाय छे. अने तेना स्थान उत्तम मध्यम ने कनिष्ट एवा त्रण वर्ग छे तेथी

आ जगत ने मां देव, दानव, मानव, पशु, पक्षी, कीट, पतंग, झाड, पहाड विगेरे ने जीवात्मा चैतन्य जाणी, महात्मा, तथा भक्तो सर्व ब्रह्म नामे समरे छे. ने तेनुं स्थान ऊकारमां छे. एरीते ॐ नी ने चित्रनी एकता जोवी. अने तेमां नीची ऊंची ने मध्यम पायरी जोवी. आ जगत अविद्या मायानुं छे. आ पत्रमां समज न पडे तो आ माहाराज नुं रचेलुं विज्ञान वल्लभ नाम नुं पुस्तक जोवाथी ॐ नुं यथार्थ ज्ञान थशे तेम करतां समजाय नहीं तो. लायार्थ प्रकाश ग्रंथ जुओ.



ॐ कारनी आरती.

जय जय जय ॐ कार, जे जे जे जे जे ॐ कार;
उत्तम आराधन करीये, उत्तम आराधन करीये,
आवागमन नीस्तार, जे जे जे जे जे ॐ कार. १.

वेदमां सुक्षम वेद, जे जे वेदमां सुक्षम वेद;
ब्रह्मा विष्णु सदाशीव, ब्रह्मा विष्णु सदाशीव,
शोधन करे सहु भेद, जे जे जे जे जे ॐ कार. २.

शक्ती शेश नरेश, जे जे शक्ती शेश नरेश;
सुरी नर मुनीवर सरखा, सुरी नर मुनीवर सरखा,
पार न पामे लेश, जे जे जे जे जे ॐ कार. ३.

प्रणवछे एकाक्षर, जे जे प्रणवछे एकाक्षर;
ज्ञानी जनना गटमां, ज्ञानी जनना गटमां,
ज्ञान मय मम मनहर, जे जे जे जे जे ॐ कार. ४.

अ. उ. म. अक्षर त्रण, जे जे अ. उ. म. अक्षर त्रण;
उपर मात्रा बिराजे, उपर मात्रा बिराजे,
तत्पण गुण आश्रण, जे जे जे जे जे ॐ कार. ५.

बीन्दु बावन बाहार, जे जे बीन्दु बावन बाहार;
मोक्ष मारगीने वल्लभ, मोक्ष मारगीने वल्लभ,
पाम्या पुराण पार, जे जे जे जे जे ॐ कार. ६.

ग्रंथ स्वामी त्यनो गुरु व्यासजी माहाराज जे स्वाधीन शास्त्री के

आ ॐ कारनो पत्र प्रेरकनी प्रेरणाथी ज्ञान प्राप्त थयेलुं एथी परब्रह्म निष्ट माहाराज ज्ञानदाता सदगुरु श्री व्यासजी वल्लभराम सुर्यराम रहीश अमदावाद रायपुर पंचाली नी पोळना, ते माहाराज नो रचेलो. ते में मनुष्य अवतारना कल्याणार्थे छपावी प्रसीध्य कर्यो. छपावनार हुं क्षत्री पुत्र ठाकोर केसुर भाई रणछोडभाई. रेहेवाशी सुरत जील्ले. गाम बोराद. कीमना स्टेसन पासे. की. अमुल्य आनंदानंदजीने गा. धी ज्ञानमंडळ ज्युबिली प्रेस अमदावाद. आवृती त्रीजी प्रत्य ५०००
संवत १८५७ सने १८११

છંદ.

અર્ધ માત્રા રેફ પર, બીન્દુ છે બીરાજમાન;
તે બીન્દુ અક્ષરા તીત, વસ્તુતા બતાવે છે.
અકારમાં ઇશ્વરો છે, બ્રહ્મા વિષ્ણુ શીવ શક્તી;
તેની ભકતી કરી ઘણા, ભગ્ત કેવરાવે છે.
મકારમાં માયા જળ, તેજ પ્રથવીને વાયુ;
પાંચમુ આકાશ તેતો, સર્વને સમાવે છે.
ઉકારમાં આત્મા માત્ર, દાનવ માનવ દેવ;
ઝાડ પ્હાડ પશુ પક્ષી, જગત શોભાવે છે.

તેમાં જે જેનું સ્મર્ણ કરે છે તે તેનેજ પામે છે તે વિશે માતાજીના ૮ મા અધ્યાયના ૬ ઠા શ્લોકમાં કહ્યું છે. માટે મોક્ષના ઇછિનારાઓએ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કરી પરમાત્માનુંજ સ્મર્ણ કરવું.

છંદ.

એ રીતે છે ૐ કાર, સમજવો ૐ સાર,
પામર ન પામે પાર, આવી ઝીણી વાતનો.
શબ્દો સુણી શબ્દ બોલ્યા, રદે કમળ ન ખોલ્યાં.
તેથી તેને પત્તો નહી, પર્માત્મા પ્રખ્યાતનો.
ઘણા વિદ્યામાં ઘુંચાયા, ઘણાં ભગ્તીમાં રૂચાયા;
સત્ય સંગે અનુંભવ, કર્યો ન સ્વ જાતનો.
ચાહ્ય કોઇ માનો સાચું, ચાહ્ય કોઇ માનો કાચું;
વલ્લભને અનુભવ, પર્માત્મા સાક્ષાતનો.

ૐ માં શું શું જાણવું જોઇએ.

ૐ ને પ્રણવ કહ્યો, મોક્ષપદ પામવાને;
વામવાને ચોરાશી તે, મંત્ર એકાક્ષર છે.
જ્ઞાન મળવામાં શ્રેષ્ટ, ધ્યાન ધરવામાં શ્રેષ્ટ;
નેષ્ટ કહી શકે ન કો, ૐ બરાબર છે.
પાંચ અક્ષરોનો ૐ, તે અક્ષરો કીયા પાંચ;
એકેકે અક્ષરે જુઓ, કોનાં કોનાં ઘર છે.
કીયા અક્ષરમાં જીવ, કીયા અક્ષરમાં ઇશ;
કીયા અક્ષરને વિશે, વશેલા ઇસ્વર છે.

કીયા અક્ષરને વિશે, વિસ્વેસ્વર વેદ વક્તા;
કીયામાં અનાદી તણા, પર્મેશ્વર જાણવા.
તે સંજ્ઞા સમજો સર્વ, સારી રીતે એક ચિત્તે;
ખરા જ્ઞાન વિના ખાલી, મણકા શા તાણવા.
વેદ તણું તત્વ તેજ, સર્વનું શીખ્ખર ૐ;
તેનો સાર સોધી કાઢી, ૐ ઉર આણવા.
જીવોના કલ્યાણ સારૂ, તત્વ ટુંકામાં બતાવ્યું;
તે જાણિને જાઓ બંધુ, મોક્ષ સુખ માણવા.

ૐ માં અક્ષર ત્રણ, ૐ માંછે સ્થળ પાંચ;
ૐ અક્ષરે વિકાર, અને નિર્વિકાર છે.
ૐ માંછે જીવ ઇશ, ઇશ્વરને વિશ્વેશ્વર;
ૐ માંછે પર્મેશ્વર, એકાક્ષરે સાર છે.
ૐ માં પુર્શાર્થિ પુર્શ, પુર્શોતમ વિશ્વોતમ;
ૐ માંછે સર્વોતમ, સમજ અપાર છે.
ૐ વિશે શડાત્મા છે, ભાગવતે જે કહેલા;
એવું સર્વ જાણનારો, જ્ઞાનનો ભન્ડાર છે.

ૐ માં અવસ્થા ચાર, ૐ માં તુરીયા તીત;
ૐ માંછે ક્ષરાક્ષર, જો અક્ષરા તીત છે.
ૐ માંછે માયા અને, માયા તીત પણ તેમાં;
ગુણી અને ગુણા તીત, ૐ માં એ રીત છે.
ૐ માંછે પરબ્રહ્મ, બ્રહ્મને પરમ બ્રહ્મ;
ઉંચા મુળ તણું વ્રક્ષ, ૐ માં ખચીત છે.
ૐ માંછે સ્થુળ સુક્ષ્મ, કારણને મ્હા કારણ;
ચૈતન્યના તેવા ચાર, આત્માનું એ વિત છે.

ૐ વિશે જગત કીયું, ૐ વિશે વિશ્વ કીયું;
વિશ્વેશ્વર પર્મેશ્વર, જાણવાનો દોહીલો.
કલ્પની ઉત્પત્તી લય, ૐ માં સમજવાનું;
મુળ બ્રહ્મ તણો તેમાં, પ્રાણાયમ સોહીલો,
સગુણ બ્રહ્મની તેમાં, અવસ્થાઓ જાણવાની;
કેઇ જગે કેઇ વસ્થા, ઝીણાશથી જોઇલો.
વેદના કરતા કોણ; વેદ ચાર નામ શાથી;
પાંચમો સુક્ષમ વેદ, તેનું જ્ઞાન કોઇ લો.

મુકતી તણા પામનારા, ૐ માં કે જગે રહે;
વિશ્વથી મુકત થનારા, તેમનો ક્યાં વાસ છે.
મોક્ષપદ પામનારા, કીયામાં તે જાય મળી;
મળે છે તો કેવે રૂપે, કરવાનો ક્યાસ છે.
મુકતી વાળા ૐ માંજ, મુકત જન ૐ બ્હાર;
પાછા ૐ માં આવે છે, તેનો મ્હોટો ત્રાસ છે.
આવી બધી બીના જીવ, માત્રે જાણવીજ જોયે;
ૐ તણુ જાણ પણુ, જ્ઞાનનો પ્રકાશ છે.

નીરૂપણુ.

ૐમાં ત્રણુ હસ્કતનું જ્ઞાંન.

ૐ માં અક્ષર ત્રણુ, તે સમજો સારી રીતે;
અર્ધ અર્ધ અક્ષરથી, અક્ષરો જોડાય છે.
અ અક્ષર ઉ અક્ષર, મ અક્ષર અર્ધ અર્ધ;
ભેગા કરો તેને લીધે, અ ઉ ને મ થાય છે.
માત્રા ઉપ અક્ષર છે, તેથી તે હસ્કત નહી;
જો ગણો બાવનમાંતો, તે પણુ ગણુાય છે.
પણુ ઉપક્ષર વિના, મુળના અક્ષરો જોતાં;
અ ઉ મ અક્ષર ત્રણુ, ઉઘાડા જણુાય છે.

ૐ માં પાંચ સ્થલ.

ૐ નાં જે પાંચ સ્થળ, સમજી લ્યો મોક્ષેચ્છુઓ;
ઉ અક્ષર એક સ્થળ, સમજજો સાનમાં.
મ અક્ષર બીજુ સ્થળ, અ અક્ષર ત્રીજુ સ્થળ;
એટલુ તો જાણ પણુ, છે ઘણા વિદ્વાનમાં.
અ ઉ ને મ ત્રણુ થયા, માત્રા તેતો ચોથુ સ્થળ.
પાંચમું છે બીન્દુ સ્થળ, તે જોવાનું જ્ઞાનમાં.
એ રીતે છે સ્થળ પાંચ, ૐ સાથે ચીત્ર જોવું;
તે જોઇને પરીપુર્ણુ, રાખવાનું ધ્યાનમાં

—૦—

અક્ષરોમાં વિકાર નીર્વિકાર.

અવિકારી અ અક્ષર, બોલતાં બીજુ ન અડે;
હોઠ દાંત જીભ કંઠ, કશાનો આધાર નૈ.
ઉ કે'તાં અડધા હોઠ, ભેળા થાય છે તે માટે;
ઉ અર્ધ વિકારી પણ, પુરણ વિકાર નૈ,
અ ઉ બોલીને મ બોલો, મકાર વિકારી પુર્ણ;
બેઉ હોઠ મળવાના, તે માયામાં સાર નૈ.
અ ઉ મ ના વિકારોને, જ્ઞાન વાન જાણી શકે;
પોપટીયા વિદ્વાનો તે, પામ્મરોને પાર નૈ.

પાંચ સ્થળમાં કોનો કોનો વિશ્રામ છે.

ઉ અક્ષર જીવ કોટી, ચીત્રથી સમજો ભાઈ;
મ માયાની ઈશ કોટી, સ્વર્ગે સુખાકાર છે.
અ અક્ષરમાં ઇશ્વરો, શકતી શીવ વિષ્ણુ બ્રહ્મા.
માત્રામાં માયા વશીષ્ટ, તેજ વિશ્વાધાર છે.
તેનું નામ વિશ્વેશ્વર, પ્રકર્તિ પુરૂશ એક;
તેથી પણ પર્મ તેમે, જાણવામાં સાર છે.
બીન્દુ જે છે સર્વોપરી, ૐ પર તે અનાદી;
પર્માત્મા પુરણ બ્રહ્મ, તેનો મને પ્યાર છે.

કોનાથી કોણ શ્રેષ્ટ.

જીવો તણા દેવો ઇશ, ઇશ જેને વરેલા છે;
જેને વરેલા તે વર, ઇશવર નામ છે.
બ્રહ્મા વિષ્ણુ શીવ શકતી, તેને કહે બ્રહ્મ ભકતી;
ઇશ્વર કોટીમાં એતો; જુદાં જુદાં ધામ છે.
પર બ્રહ્મ પર્મ બ્રહ્મ, ઇશ્વરનો એ છે સ્વામી;
પર બ્રહ્મ તણા સ્વામી, પર્મ બ્રહ્મ રામ છે.
તેને તો પરમ શબ્દ, લાગવાથી પર્મેશ્વર;
બ્રહ્મ પરબ્રહ્મ અને, પર્મ બ્રહ્મ શામ છે.

તે ત્રીપુટી પન્નાળીકા, સત્સંગે સમજવાની;
સમજીને શાન્ત થઇ, વિવેકે વિચારવી.
કાઢવું તારણ તેનું, માયા મીથ્યા છે કે સાચી;
મીથ્યાથી અભાવ આણી, મોક્ષ પદ્ધી ધારવી.
પર્મ પદ મોક્ષ સ્થળ, ભકતી પ્રેમ લક્ષણાથી;
લક્ષ ચોરાશીની ફેરી, આજ્ઞાને નીવારવી.
વદેછે વલ્લભ વ્યાસ, માનો સાચુ નથી કાચુ;
સર્વ સીધાન્તોનો સાર, કાઢયો છે આ તારવી.

નુન્યાધીક પણાની સમજ.

જ્ઞાન ધ્યાન વિનાના તે, વાંચેને સમજે નહી;
સંસકારે સમજે તો, સમજવા જ્ઞાન છે.
પુર્શાર્થિ ને પુર્શારથ, કરી થયેલા પુરૂશ;
પુર્શોર્થિ ઉત્તમ તે તો, પુર્શોતમ વાન છે.
પુર્શોત્તમ લગી વિશ્વ, તેથી ઉંચે વિશ્વેશ્વર;
માત્રાને તે સમજી લ્યો, વિસ્વોત્તમ સાન છે.
તેથી ઉંચે બીન્દુ સ્થળ, મોક્ષપદ પરમાત્મા;
સર્વોત્તમ અનાદીનું, જ્ઞાનીનું ત્યાં ધ્યાન છે.

છ આત્માની સમજ.

શડાત્મા છે ૐ વિશે, સમજી લ્યો મોક્ષેચ્છુઓ;
જડાત્મા તે ઝાડ પ્હાડ, નેત્રોથી નરખજો,
જીવાત્મા તે પશુ પક્ષી, આત્મા તે મનુશ દેવ;
અંશાત્મા ઇશ્વર કોટી, પ્રેમથી પરખજો.
વિશ્વથી જે પર દીસે, પ્રકર્તિ પુરૂશ આદ્ય;
પર તેથી પરાત્મા છે, જાણીને હરખજો.
તેનાથી પરમ વસ્તુ, પરમાત્મા બીન્દુ સ્થળ;
મોક્ષ રૂપ મોક્ષ એજ, તેમાં સૌ સરકજો.

ક્ષર અક્ષર ને અક્ષરાતીત.

ક્ષરને અક્ષર વળી, અક્ષરા તીતને જાણો;
અ ઉ ને મ ક્ષર રૂપ, ઉરમાંજ આણવું;
જીવ ઇશ ઇશ્વરો તે, બ્રહ્મા પરીયંત ક્ષર;
ક્ષર અર્થ નાશવંત; સમજી વિખાણવું;
અક્ષર તે વ્રક્ષનાશ, પણ બીજ નાશ નહી;
બીજનો આયુર ભાવ, તીરો ભાવે માનવું.
તેવું વીશ્વ બીજ તેતો, પ્રકર્તિ પુરૂશ માત્રા;
અક્ષરા તીત તે બીન્દુ, પર્મ પદ જાણવું.

તેનું પ્રમાણ.

ગીતાજીના ૧૫ અધ્યાયના ૧૬ મા શ્લોકમાં ક્ષર ને અક્ષર એવા બે પુરૂશ શ્રી કૃષ્ણ ભગવાને અરજુનજીને સમજાવ્યા છે. ક્ષર એટલે બ્રહ્મા પરીયંત ભુત પ્રાણી માત્ર તે ક્ષર છે. એટલે નાશવાન છે. એમ કહ્યું છે. અને અક્ષર તે કદી નાશ નહી પામે તેવું. જે અક્ષર બ્રહ્મ. જેનો આયુર ભાવ તીરો ભાવ થાય છે એટલે ઉતપન થાય છે ને પાછુ જાય છે. પણ નાશ પામતુ નથી તેનું નામ અક્ષર છે. એમ કહ્યું છે. તે અક્ષરને અમો અક્ષર બ્રહ્મ અથવા પરબ્રહ્મ કહિએ છીએ. તેથી વીશ્વ સર્વ ક્ષર છે. એટલે અ–ઉ–મ તે ત્રણે ક્ષર છે. અને જે માત્રા છે તે અક્ષર છે. તેથી તેને અક્ષર બ્રહ્મ કહીએ છીએ.

વળી ૧૫ મા અધ્યાયના ૧૭ મા શ્લોકમાં એમ કહયું છે કે ક્ષર અક્ષરથી ઉત્તમ પુરૂશતો ખરેખરો બીજોજ છે. એટલે ક્ષર અક્ષરથી જુદો તે ત્રીજો છે એમ સમજાય છે. જેને પરમાત્મા એવું નામ આપ્યું છે તેને અમે અક્ષરાતીત માત્રા ઉપરનું બીન્દુ છે. એ રીતે ક્ષર અક્ષરને અક્ષરાતીત છે તેઅક્ષરાતીત મોક્ષ પદ છે. માટે તેમાં જ્ઞાન વડે ધ્યાન આપો. જુઓ કે શ્રી કૃષ્ણ ભગવાનના વચનને નહી માનિયે તો પછી બીજા કોનાં વચનને માનીશું.

બ્રહ્મમાં ન્યુન્યાધીક પણું.

છંદ.

બ્રહ્મ અને પરબ્રહ્મ, ત્રીજુ છે પરમ બ્રહ્મ;
આ ત્રીપુટી સમજે તે પુરો જ્ઞાન વાન છે.
વિશ્વ સર્વ બ્રહ્મ માનો, જીવથી ઇશ્વર લગી;
અકાર ઉપર માત્રા, તેમાં કેનું ધ્યાન છે.
તે માત્રા અક્ષર બ્રહ્મ, વિશ્વ થકી પર માટે;
પર બ્રહ્મ નામ તેનું, વિશ્વમાં મ્હા માન છે.
માત્રા પર બીન્દુ છે તે, સર્વથી પરમ પદ;
તેથી પર્મબ્રહ્મ નામ, વ્યાસજી ગુલ્તાન છે.

તેનું પ્રમાણ.

ગીતાજીના ૮ મા અધ્યાયના ૧૮—૧૯—૨૦ મા શ્લોકથી સમજાવ્યું છે. કે વ્યકતીયો એટલે ચરાચર પ્રાણિયો. અને વ્યકત, એટલે આખુ વિશ્વ જેમાં જાય છે ને જેમાંથી થાય છે તે વ્યકત. અને ત્રીજુ અવ્યકત એટલે વ્યકતી યો ને વ્યકતથી જુદુ તેને અવ્યકત કહ્યું છે. માટે તેનો ભાવાર્થ સમજો. વ્યકતીઓ એટલે બ્રહ્મ. અને વ્યકત એટલે પરબ્રહ્મ. અને અવ્યકત એટલે પર્મબ્રહ્મ જે વ્યકતિયો છે તે ક્ષર છે ને વક્ત તે અક્ષર છે. અને અવ્યકત તે અક્ષરા તીત છે અને જે અક્ષરા તીત, તેજ અવ્યકત બ્રહ્મ, પરમ બ્રહ્મ પરમાત્મા પરમેશ્વર છે. એમ શ્રી કૃષ્ણ ભગવાન પોતે સમજેલા છે તેજ અરજુનને સમજાવ્યું છે. વળી ગીતાજીના ૧૮ મા અધ્યાયના ૬૨ મા શ્લોકમાં અરજુનને એમ કહ્યું છે કે તું તેને શર્ણ જા. વળી તેજ અધ્યાયના ૬૩ મા શ્લોકમાં છેવટ એમ પણ કહ્યું કે આ મે મ્હારૂ ગુહ્યમા ગુહ્યજ્ઞાન તે મેં તને કહ્યું. આ રીતે શ્રી કૃષ્ણ પ્રભુએ ખરેખરો રહસ્ય અરજુનને બતાવ્યો, તેજ મોક્ષપદ છે માટે

આ યથાર્થ વચનોથી મોક્ષના ઇછનારાઓએ સારી રીતે વિચાર કરી જે પરમાત્મા છે તેમને વશ થવું.

—◎—

કીયા ગુણની માયા કોનામાં છે.

છંદ.

ૐ માં માયા કયાં સુધી, કયાં છે માયા તીત જુદા.
એટલું સમજવાથી, માયાને મુકાય છે.
તમો ગુણી રજો ગુણી, સત્વ ગુણી તે ત્રી ગુણી;
ચોથી તત્વ ગુણી પણ, માયા સમજાય છે.
વિશ્વ ત્રી ગુણી માયાનું, સગુણી તત્વ માયાના;
તેથી માયા વશિષ્ટમાં, નામજ ગણાય છે.
સગુણ કહ્યા તે માયા; માટે માત્રા માયા માંહી;
તેથી ઉંચે બીન્દુ તેણે, માયાતીત થાય છે.

—*—

માયાનાં સ્થળ.

તમો ગુણી માયા સ્થળ, ઉકારે આ લોક વિશે;
રજો ગુણી મકારમાં, સ્થળ સ્વર્ગ વાસમાં.
સત્વ ગુણી અકારમાં, ઇશ્વર કોટીમાં સ્થળ;
તત્વ ગુણી માત્રા વિશે, બીજા અવિનાસમાં.
કસ્તુરીની પોટલી તે, પેટીમાં મુકી લે પાછી;
પણ વાસના રહે છે, તેજ તત્વ કયાસમાં.
સગુણ સુધી છે માયા, માટે સર્વ માયા માયા;
માયા તીત પર્મ બીન્દુ, વ્યાસની તપાસમાં.

———

જગત, વિશ્વ, અક્ષરધામ, ને પર્મધામ.

સ્વર્ગ મ્રત્યુ પાતાળ તે, ત્રી લોકી જગત જાણો;
ઇશ્વર કોટી ભેળો તો, વિશ્વ એવું નામ છે.
તે વિશ્વ અ ઉ ને મ માં, સમાઇ રહ્યું છે ભાઈ;
અ ઉ મ ઉપર માત્રા, તે અક્ષર ધામ છે.
અક્ષર ધામના ધામી, માત્રા વિશ્વેશ્વર નામ;
તે માત્રા ઉપર બીન્દુ, તે મોક્ષ આરામ છે.
તેનું નામ પરમાત્મા, એ રીતે સમજો સંજ્ઞા;
જગત વિશ્વ વિશ્વેશ્વર, પર્મેશ્વર ઠામ છે.

ઉંચા મુળનું વ્રક્ષ.

ઉર્ધ મુળ મધ્ય શાખા, વ્રક્ષ ગીતાયે વર્ણવ્યુ;
ૐ માં તે સમજજો, રૂડુ જ્ઞાન થાય છે.
ઉંચુ મુળ પર્મ બ્રહ્મ, થડ તે ત્રગુણ બ્રહ્મ;
ડાળાં રૂપી ઇશ્વરો તે, શાખાઓ ફેલાય છે.
પાંખડાં તે દેવ કોટી, સ્વર્ગના નીવાશી સહુ;
ફળ ફુલ પત્ર રૂપી, લોક આ દેખાય છે.
પત્ર રૂપી જડાત્મા છે, પુશ્પ રૂપી જીવાત્મા છે;
ફળ રૂપી માનવીયો, આત્મા તે કે'વાય છે.

પાંચ પ્રલયની સમજુત.

પ્રલય પ્રકાર પાંચ, તેની સમજાવું ખાંચ;
નીત્યને નીમીત પ્રલ્લે, આપણામાં તાણવો.
પ્રથ્વી પ્રલ્લે ત્રણ લોક, મ્હા પ્રલ્લે ઇસ્વરો સૈત;
પ્રલયનો વિસરામ, સંભવે ત્યાં આણવો.
છેવટનો આત્યંતીક, પ્રલય જાણે છે જેજે;
તેતો પરલોક પર, બ્રહ્મનોજ જાણવો.
એવી રીતે પાંચ પ્રલ્લે, પ્રકર્તિ પુરૂશ લગી;
જ્ઞાને થાય જાણ પણ, ૐ માં પ્રમાણવો.

ચાર અવસ્થાઓનાં સ્થળ.

સુસુપ્તી અવસ્થા તણુ, સ્થાનક આ લોક વિશે;
સ્વપ્નાવસ્થા તણુ સ્થાન, સ્વર્ગે દેવ સ્થાનમાં.
જાગ્રત અવસ્થા તણુ, ઇશ્વર કોટીમાં સ્થળ;
સ્થળ તુર્યા વસ્થા તણુ, વેદ ભગવાનમાં.
પછી જે પરમ વસ્તુ, પર્મેસ્વર નામ જેનું;
તે તો છે તુરીયા તીત, સમજાયું જ્ઞાનમાં.
એ રીતે અવસ્થા સ્થળ, સમજવાં ૐ વિશે;
ચીત્ર જોઇ જાણવાનું, રાખવાનું ધ્યાનમાં.

વેદો વિશે.

ૐ પરં જે માત્રા છે, તે છે વેદ નારાયણુ;
તેના મુખ તણો વેદ, બ્રહ્માયે સાંભળીયો.
નાભી પર પંચ મુખી, જે બ્રહ્મા વિરાજમાન;
તે વિરંચી વેદ સુણિ, જ્ઞાનમાંજ ગળીયો.
પુર્ણ વેદ સાંભળીને, બ્રહ્મા બોલ્યા પાંચ મુખે;
તેથી પાંચ ભાગ પડયા, કસ્યપે તે કળીયો.
પાંચ મુખે પાંચ થયા, પણ નામ શાથી પડયાં;
તેનો ખરે ખરો પત્તા, વ્યાસજીને મળીયો.

વેદના કરતાનું પ્રમાણ ગીતાજીના ત્રીજા અધ્યાયના પંદરમા શ્લોકમાં જુઓ. વેદ. અક્ષર બ્રહ્માથી થયેલો છે.

વેદોનાં નામો વિશે.

રવિ તરફને મોઢે, બોલાયો તે રધુ વેદ;
ઉત્રાભી મોઢેથી બોલ્યાં, તે યજુર વેદ છે.
સાંયંકાળ તરફને, મોઢેથી વદેલા વાણી;
તેનું નામ શામ વેદ, ગાયન અછેદ છે.
દક્ષીણ યવન દીશા, તરફને મોઢે બોલ્યા;
તેનુ નામ અથર્વણ. ધણાને નખેદ છે.
તે ચારે વેદોનું તત્વ, પરીપુર્ણ જ્ઞાન મય;
પાંચમે મોઢે બોલ્યા તે. સુક્ષમ અભેદ છે.

પાંચ વેદનાં પાંચ તત્વો.

પાંચ વેદો વિશે પાંચ, તત્વ પંચ ભૌતીકનાં;
યજુર્વેદ વિશે વાયુ, તત્વ આગેવાન છે.
રવી તરફને મોઢે, ભાંખેલો જે રધુવેદ;
રધુવેદ વિશે અગ્ની, તત્વ પરધાંન છે,
શામ વેદ પશ્ચીમનો, તેમાં જળ તત્વ રહ્યું;
અથર્વણ વેદ વિશે, પ્રથવી નીધાન છે.
પાંચમુ આકાશ તત્વ, સુક્ષમ વેદને વીશે;
તે સુક્ષમ સમજે તો, તેનું નામ જ્ઞાન છે.

ૐ માં પાંચે વેદનાં સ્થળ.

અકાર ઉકાર વળી, મકાર છે ૐ વીશે;
ચોથી અર્ધમાત્રા જુઓ, બીન્દુ તેની બ્હાર છે.
માત્રા સુધી ચાર સ્થળ, અ ઉ મ ને ચોથી માત્રા;
તે તો ચાર સ્થળ તણા, જો જો વેદ ચાર છે.
ઉકારનો અથર્વણ; મકારનો શામ વેદ;
અકારનો રધુવેદ, સમજવા સાર છે.
માત્રાનો યજુર વેદ, બીન્દુનો સુક્ષમ વેદ;
તેનો ભેદ જાણે તેને, જ્ઞે નો અધીકાર છે.

સુક્ષ્મ વેદની શ્રેષ્ટતા.

સુક્ષ્મ વેદ વિશ્વ વિશે, વિરલા જાણે છે કોઇ;
ચારે વેદ તણુ રસ્ય, તે કેવળ જ્ઞાન છે.
જ્ઞે છે તે પરમ પદ, જાણવાનું નામ જ્ઞાન;
જ્ઞાન તણુ નામ સુક્ષ્મ, વેદ તે નીધાન છે.
તે વેદનો ગ્રંથ નહી, ગ્રંથમાં સુક્ષ્મ ૐ;
ૐ તણુ જ્ઞાન જેને, તેજ જ્ઞાનવાન છે.
બાકી ચાર વેદ શટ, શાસ્ત્રને પુરાણવાળો;
ચાહ્ય તેવો પન્ડીત હો, પણ તે વિદ્વાન છે.

જ્ઞાન વસ્તુને જાણનારો જ્ઞાની છે, કેમ કે પરમેશ્વર છે તે જ્ઞાનની વસ્તુ છે. તેવું ગીતાજીના ૧૩ મા અધ્યાયના ૧૭ શ્લોકમાં શ્રી કૃષ્ણે કહ્યું છે.

વળી જે જાણવા ગ્યોગ્ય છે તે જાણવાથીજ મોક્ષ પમાય છે. અને તે અનાદી પરમ બ્રહ્મ છે, તેવું ૧૩ મા અધ્યાયના ૧૨ મા શ્લોકમાં કહ્યું છે, તે જુઓ.

કુન્ડળીઓ.

પ્હેલો સુક્ષ્મ વેદ છે, ચાર વેદનો સાર;
તેની ગમ જ્ઞાની કને, કરે જ્ઞાન ઉચ્ચાર.
કરે જ્ઞાન ઉચ્ચાર, નહી પુસ્તક પરમાણો;
ઇશ્વરની બખસીસ, હોય તો તેને જાણો.
વેદ વ્યાસનું જ્ઞાન, જ્ઞાન વાલ્મીકનું જેવું;
વદતા વલ્લભરામ, જ્ઞાન જ્ઞાનીનું તેવું.

જેમ દુધનું તત્વ દહીં દહીંનું તત્વ માંખણ અને માખણનું તત્વ ઘી તેમ ચારે વેદનું તત્વ જે જ્ઞાન તે સુક્ષ્મ વેદ છે.

કલ્પની લયોત્પતી.

સત્ય ત્રેતા દ્વાપર ને, કળી ચાર યુગ મળી;
તેવા ચાર યુગે એક, ચોકડી ગણાય છે.
તેવિ ચોકડી હજાર, જ્યારે પુરી થાય ત્યારે.
બ્રહ્મ પુરીના બ્રહ્માનો, એક દન થાય છે.
તેવાં ત્રણુસેને આઠ, દીવશે બ્રહ્માનું વર્શ;
તેવાં સો વરસે બ્રહ્મા, લાય પામી જાય છે.
બ્રહ્માનાં સો સંવસ્છરે, વિષ્ણુ તણો એક પહોર;
તેવા આઠ પહોરે એક, દિવસ્ કે'વાય છે.

તેવા ત્રણુસેને સાઠ, દીવશે વરશ એક;
તે હીસાબે સત વર્શે, શીવ ઘડી છેક છે.
તેવી સાઠ ઘડી તણો, દીવસ ગણાય પુરો;
તેવા ત્રણુસેને સાઠે, વરસ વિવેક છે.
તેવાં સો વરસે શક્તી, તણી એક પળ થાય;
પળને હીસાબે ઘડી, તેવા પ્હોર નેક છે.
પ્હોરને હીસાબે દન, દનને હીસાબે વર્શ;
તેવાં સોયે પરબ્રહ્મ; ની વિપળ એક છે.

વિપળને હિસાબે સો, વર્શ પુરાં થાય ત્યારે;
પર બ્રહ્મ વિશે સર્વ, માયા સંકેલાય છે.
માઇકનું તત્વ થઈ, તત્વનો અંકુર થઈ;
તે અંકુર પર બ્રહ્મ, ગ્રંથીમાં સમાય છે.
પરબ્રહ્મ પર્મ બ્રહ્મ, તણી જ્ઞાન ગ્રંથી રૂપ;
તે ગ્રંથીમાં માયા જીવો. મ્હા સુક્ષમ થાય છે.
તે સમે પરમ બ્રહ્મ, તણો થાય પ્રાણાયમ;
પ્રેરક તે પ્રાણાયમે, થતામાં પોર્વાય છે.

પર્મ બ્રહ્મમાં પોર્વાઈ, રદય આકાશ વિશે;
કુંભકમાં થાય સ્થીત, જીવ માયા ભળીને.
પરબ્રહ્મનાં સો વર્શ, સુધી તે કુંભક રહે.
પછી થાય છે રેચક, કુંભક તે ટળીને.
કુભક ટળીને જ્યારે, રેચક થાય છે ત્યારે;
જીવ બ્રમ માયા એક, આવે છે નીકળીને.
નીકળ્યું તે પરબ્રહ્મ, ક્ષર સાગરમાં સ્થીત;
માયા બ્રહ્મ એક રૂપ, રહે બેઉ મળીને.

તે કે'વાયા પરબ્રહ્મ, જેમાં વિશ્વ સમાયુતું;
તે વિશ્વ ગયેલા કલ્પ, નું હતું તે થાય છે.
તેમાં જે જે જીવો તણા, કર્મોનાં સંચીત હતાં;
તે સંચીતે પ્રારબ્ધનો, દેહજ બંધાય છે.
કોઇ કીટ પશુ પક્ષી, ઝાડ પ્હાડ જળચર;
માનવ· દાનવ દેવ, પતંગ રચાય છે.
એ રીતે બંધાણુ વિશ્વ, વિશ્વની ઉત્પત્તી એમ;
જેમ છે ઉત્પત્તી તેમ, કાળે પાછું જાય છે.

પ્રમાણુ.

ગીતાજીના ૮ મા અધ્યાયના ૧૩ શ્લોકમાં કહ્યું છે કે વ્યકતીયો એટલે ચરાચર પ્રાણીયો વ્યકતમાં એટલે માયા વશીષ્ટ બ્રહ્મમાંથી નીકળે છે. અને વ્યકત જે માયા વશીષ્ટ બ્રહ્મ તેની રાત્રી પડે ત્યારે તેજ વકત બ્રહ્મમાં સમાઇ જાય છે.

વળી તેના તે અધ્યાયના ૧૯ મા શ્લોકમાં એમ· કહ્યું છે કે. માઇક એટલે ભૌતીક પ્રાણીનો સમુદાય વારંવાર પ્રગટ થઇને રાત્રી પડે છે ત્યારે માયા વશીષ્ઠ બ્રહ્મમાં મળી જાય છે ને દીવસ થાય ત્યારે પાછુ પ્રગટ થાય છે.

વળી ૨૦ ગા શ્લોકમાં એમ કહ્યું છે કે જેમાં ચરાચર પ્રાણીયો સમાય છે ને જેમાંથી પાછા પ્રગટ થાયછે તેનાથી ઉત્તમ એવું બીજુ અનાદી સત્તારૂપ અવ્યકત છે. તેને અમે પર્મ બ્રહ્મ પરમેશ્વર અક્ષરાતીત પરમાત્મા કહીએ છીએ, તેને પુષ્ટી આપનાર ૧૫ મા અધ્યાયનો સોળમોને સતરમો શ્લોક જુઓ. ચરાચર પ્રાણી એટલે વ્યકતીયો. તેને અમે બ્રહ્મ કહીએ છીએ. અને ચરાચર પ્રાણી જે વકત બ્રહ્મમાં સમાય છે, તે વક્ત બ્રહ્મને અમે પરબ્રહ્મ કહીએ છીએ અને અવ્યકતને અમે પરમ બ્રહ્મ કહીએ છીએ. તેથી આ વિશ્વ માયા વશીષ્ટ બ્રહ્મમાંથી થાય છે ને જાય છે. એ સીધાન્ત છે.

લયોત્પતીમાં બીજી રીતે ગણત્રી.

બીજી એક ગણતરી, બીજા સીધાન્તીની જુદી;
બ્રહ્માના દને વિષ્ણુના, પ્હોરજ કેવાય છે.
વિષ્ણુ તણા એક દને, શીવજીની એક ઘડી;
શીવના દાવશે પળ, શકતીની ગણાય છે.
શકતી તણા એક દને, વિપળ સગુણ તણી;
તે હીસાબે વિશ્વ પ્રાણા, પ્રયમમાં સમાય છે.
બેઉ મત માનવાથી, સીધાન્તમાં ફેર નથી;
વદે વ્યાસ ઉત્પ-તીને, લય એમ થાય છે.

પીન્ડ બ્રહ્માન્ડ વિશે.

અજ્ઞાનીને ઉંધા લોકો, ઉંધુ પોતે સમજીને;
ભોળા ભોટ ભગતોને, ઉંધુ સમજાવે છે.
બ્રહ્માન્ડમાં જેટલું છે, તેટલું આ પીન્ડમાં છે;
સુર્ય ચંદ્ર બ્રહ્મા વિષ્ણુ, શીવજી બતાવે છે.
આપણા હાથે છે ઈંદ્ર, ગુદાએ છે ગણપતી;
એવાં નીચાં વેણ વદી, કંટાળો લગ્રાવે છે.
બ્રહ્માન્ડનું પીન્ડ વિશે, સમાસ ન થાય કદી;
એતો માયા વ્યસીષ્ટના, પીન્ડમાં સ્વભાવે છે.

વિશ્વ તણો લય થાય, વિશ્વ સગુણમા જાય;
વ્યકતને વિશે વકતીયો, સરવ સમાય છે.
મુખ વિશે બ્રાહ્મણોને, બ્રહ્મ લોક સ્થીત થાય;
બાહુ વિશે ક્ષત્રી અને, ઇંદ્ર લોક જાય છે.
ઉદરમાં વૈસ્ય તથા, પશુઓની થાય સ્થીતી;
ચરણમાં શુદ્ર અને પ્રક્ષીયો પળાય છે.
નેત્રમાં સુર્ય ને ચંદ્ર, વળી પીત્રુ લોક વસે;
કર્ણે દીગપાળ વળી, પતંગ સંથાય છે.

નાશીકાયે વનસ્પતી, અને અશ્વની કુંઆર;
કીટ કામ દેવ તણો, કટીમાં વિશ્રામ છે.
નાભી બ્રહ્મા રદે વિષ્ણુ, વળી વિષ્ણુ તણા લોક;
કંઠે શીવ શીવ લોક, મેરૂ શીશ ઠામ છે.
નાડી નવ લક્ષ તારા, નાગ નવ કુળ વળી;
નવસે નવાણું નદી, તેઓના મુકામ છે.
ગણેશ ગુદાયે વળી, ગણ લોક વાસ વસે;
યથાર્થ છે આ ધન્નવ, સમજે આરામ છે.

ઘણાક એમ કહે છે કે પીન્ડે સો બ્રહ્માન્ડે એટલે પીન્ડમાં છે તે બ્રહ્માન્ડમાં છે. આ કહેનારનું કહેવું તો ખરૂ છે. પણ સમજનારનું સમજવું ઉંધુ છે. કેમકે જેટલું બ્રહ્માન્ડમાં છે તેટલું પીન્ડમાં છે, એમ કહે છે. તેજ ઉંધુ છે. જો બ્રહ્માન્ડમાં છે તે પીન્ડમાં છે એવો કહેનારનો હેતુ હોત તો એમ કહેત કે બ્રહ્માન્ડે સો પીન્ડે. પણ આતો એમ કહ્યું છે કે પીન્ડે સો બ્રહ્માન્ડે, એટલે પીન્ડમાં છે. તેટલું બ્રહ્માંડમાં છે. અને બ્રહ્માંડમાં છે તેટલું તો, સગુણ બ્રહ્મના પીન્ડમાં છે. તે સંભવે છે .કેમકે આખુ બ્રહ્માન્ડ લય થાય છે ત્યારે સગુણ બ્રહ્મમાં જાય છે તેથી તેમના પીન્ડમાં સંભવે છે. બાકી આપણા પીન્ડમાં કહીએ તે સંભવતું નથી. અને તે ઉત્પતી સમયમાં તેમાંથી નીકળે છે. એટલે વ્યકતમાંથી નીકળે છે તે, વિશે આગળ ગીતાજીનું

પ્રમાણુ આપ્યું છે. વળી સગુણ બ્રહ્મના મુખથી બ્રાહ્મણો બાહુથી ક્ષત્રી ઉદરથી વૈસ્ય ચરણથી શુદ્ર થયા છે એવું વેદનું પ્રમાણુ છે.

વેદ પ્રમાણુ.

ब्राह्मणोस्य मुखमासी द्बाहूराजन्यः कृतः
उरूतदस्य यद्वैश्यः पद्भ्यांॐ शूद्रो अजायत ॥ १ ॥

આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે માયા વશીષ્ટ બ્રહ્મમાંથી સર્વની ઉતપતી થઈ છે તેમ તે સર્વ તેમાંજ જાય છે. તેથી જેટલું બ્રહ્માંડમાં છે તેટલું માયા વશીષ્ટ બ્રહ્મના પીન્ડમાં છે. તેથી તેમના પીન્ડે સો બ્રહ્માન્ડે એમ સમજવું. આપણા પીન્ડમાં નહી.

મુકત મુકતી ને મોક્ષ સ્થળ.

છંદ.

મુકતી તે ઈશ્વર સ્થર, તેમાં જેનો જાય જીવ;
તે આત્મા તો મુક્તી પામ્યો, એમજ કે'વાય છે.
મુકત તે આ માયા થકી, મુકાઈને છુટો પડે;
પણ મોક્ષમાં નહીને, ગતીમાં કુટાય છે.
જેમ દીવાના પ્રકાસે, પતંગ ભ્રમણ કરે;
તેમ ભમતામાં કોઇ, કાળે હાં ફસાય છે.
બીન્દુ પર્મ મોક્ષ પદ, પર્માત્મા પુરણ બ્રહ્મ;
તેમાં એક રસ બને, મોક્ષ તે ગણાય છે.

મુકતી મુકતી સર્વ કહે, મુકતીનાં છે સ્થળ ચાર;
સાલ્યોકય સારૂપ્ય ત્રીજી, સમીપની જાણવી.
ચોથી છે સાયુજ મુકતી, તે ચારેનાં ચાર સ્થળ:
પ્હેલી છે સાલ્યોકય મુકતી, સ્વર્ગ વીશે માનવી.
સારૂપ્ય ઈશ્વરે સ્થળે, સમીપે અક્ષર ધામ
સાયુજય અક્ષરાતીત, સ્વરૂપે પ્રમાણવા.
બે પ્રકારે તેને પામે, કર્મ મુકતી સધો મુકતી.
વદે છે વલ્લભ સ્ત્રેષ્ટ, સધો મુકતી આણવી.

પરમ ગતીની સમજ.

પર્મગતી પામનારા, પર્મગતીમાંજ જાય;
પર્મગતી એટલે શું, જોઈ લ્યો જીણાશથી.
ચૈતન્ય ગતીના ભેળી, એક રસ જ્ઞાન ગતી;
અતં કણ એક રસ, અતની હુનાશથી.
શીતળતા જ્યાં અડે ત્યાં, કણ પડે તેજ રીતે;
માયા સ્પર્શે ગ્રંથી પડે, ધરે દે' ચોપાસથી.
ગતીને પર્માત્મા માને; તે તો પર્મગતી પામે;
સમજણ ન પડે તો; સમજજો વ્યાસથી.

મોક્ષ વિના સૌ પાછા પડે.

પર્મગતી કે કાં મુકતી, કાં મુકત થયેલા પ્રાણી;
કાં સ્વર્ગ પામેલા પ્રાણી, પાછા ભોમી આવે છે.
જેટલું સુક્રીત હોય, તેટલું તે સ્થળે ટકે;
સુક્રીતો પુરાં થયેથી, કોણ ત્યાં રખાવે છે.
પર્મ ગતીના પામેલા, માયા સ્પર્શે આવે આંહી;
આગળ ન સુઝે કાંઇ, જ્ઞાન કોણ લાવે છે.
પણ મોક્ષ રૂપ થયો, તે તો પાછો આવે નહી;
અચળીત પર્મ પદ; વ્યાસજીને ભાવે છે.

પ્રમાણ.

ગીતાજીના ૯ મા અધ્યાયના ૨૧ મા શ્લોકમાં કહ્યું છે કે, સુક્રીત પરવારવાથી સરવે ભોમીમાં પાછા આવે છે.

મોક્ષ પામેલો કેવો થાય છે.

એક રસ એક રૂપ, એક રંગ એક અંગ;
એક ઢંગ ભંગ મતી, એક ગતી થાય છે.
એક સત્તા એક તેજ, એક જ્ઞાન ધ્યાન ભાન;
જેમ જળ લુણ એક, તેમ તે દેખાય છે.
પર્માત્મામાં મળ્યો આત્મા, તે તો થયો પરમાત્મા;
આત્મા તે પર્માત્મા તવ, એકજ કે'વાય છે.
તે વિના કહે તે મુંઢ, થયા પછી કયાં કે'વાનું;
માટે મોક્ષ થવા વ્યાસ, પર્મ બ્રહ્મ ગાય છે.

મોક્ષ જતાં કીયાં તત્વો ક્યાં છુટે છે.

મોક્ષ પામનારો જ્યારે, પંદરનું સ્થુળ મુકે;
ત્યારે પછી તેનો નવ, તત્વી દેહ થાય છે.
નવ તત્વી દેહે જતાં, વિશાર્દ સ્વર્ગ સમીપે;
થતામાં વિશય પંચ, તત્વ ત્યાં છુટાય છે.
પછી ઇશ્વરો સમીપે, જતાં અંતઃકર્ણ છુટે;
ચીત અહંકાર બુદ્ધી, મનહ મુકાય છે.
પછી વાસનીક દેહ, પર બ્રહ્મ સ્થળે છુટે;
પછી આત્મા પર્માત્માને, વિશેજ સમાય છે.

તે તત્વો શામાં જાય છે.

વળી કોઈ શંકા કરે, તત્વો છુટી શામાં ગયાં;
તે શંકાનું નીવારણ, સર્વ લેજો સાંભળી.
પંદર તત્વોનું સ્થુળ, પ્રત્યક્ષ દેખીએ હાંઇ,
પંચ ભૌતી શરીર છે, જળ તેજ જો વળી.
આકાશ પૃથવી વાયુ, તેનું પુદગળ પીન્ડ,
પાંચ કર્મ ઇંદ્રીયો તે, રે'છે દેહને મળી.
હાથ પગ મ્હો મૈથુની, ગુદા કર્મ ઇંદ્રીયો તે,
પછી પંચ વિશયની, જ્ઞાનેંદ્રી પાંચે કળી.

કર્ણુ ચક્ષુ જીવ્યા ત્વચા, પાંચમી નાશીકા ગણો;
તે તો પાંચે પીન્ડ સાથે, પ્રત્યક્ષ દેખાય છે.
એ રીતે પંદર તત્વી, સ્થુળનુ મુડદુ મુકી;
સુક્ષમ શરીર લેઇ, આગળ પળાય છે.
તે સુક્ષમ નવ તત્વી; દસમી વાસના સૈત;
આત્મા પર્માત્માનું પદ, પામવાને જાય છે;
નવ તત્વો કીયાં કીયાં, દસમી વાસના તે શું;
શબ્દ સ્પર્શ રસ રૂપ, ગંધ જે ગણાય છે.

એ રીતે વિશય પાંચ, જોડે અંતઃકર્ણુ ચાર;
મન બુધ્ધી ચીત અને, ચોથો અહંકાર છે.
એ રીતીનાં નવ તત્વ, દસ્મી વાસના તે ઇચ્છા;
દસે વિંટાયેલો આત્મા, તે સુક્ષમ સાર છે.
ઉકારે પંદર મુકી, મકારે વિશય મુકે;
સ્વર્ગ સ્થળે દેવ લોકે, છુટયાનો વિસ્તાર છે,
શબ્દ આકાશનો ગુણ, જાય દીધપાળ વિશે;
ગંધ ગુણ પ્રથવીનો, અશ્વની કુંઆર છે.

સ્પર્શ જાય વાયુ વિશે, રસ તે વરૂણ વિશે;
રૂપ અગનીને વિશે, પાંચે ત્યાં સમાય છે.
પછી ચાર અંતઃકર્ણુ, પાંચમી વાસના સૈત;
પાંચે વીટાયેલો આત્મા, કારણ કે'વાય છે.
તે કારણ દેહે જતાં, અકારના સ્થળ કને;
ચીત અહંકાર બુધ્ધી, મનકુ મુકાય છે;
ચીત જાય શકતી વિશે, અહંકાર શીવ વિશે;
બુધ્ધી વિષ્ણુ વિશે મન, બ્રહ્મામાં પળાય છે.

પછી એક વાસનાથી, એટલે ઇચ્છાથી બંધ;
તે વાસ્નીક શરીરને, મ્હા કારણ માનજો.
તે શરીરે જતાં માત્રા, સ્થળ છે અક્ષર ધામ;
મોક્ષ તણુ દ્વાર એજ, અતી ઉર આણજો.
દ્વારમાં પેઠા કે તવ, ધામનો ધામી દેખાય;
તર્ત ત્યાં વાસના છુટે, વિવેક વિખાણજો.
તવ સુધ્ધ આત્મા થઇ, પર્માત્મામાં જાય મળી;
ક્ષણમાં તે એક રસ. પરમેશ્વર જાણજો.

ચારે દેહોની સમજ.

પંદર તતવ તણો, સ્થુળ દેહ બંધાએલો;
તમો ગુણી માયા કેરો, પ્રત્યક્ષ દેખાય છે.
સુક્ષમ શરીર તે તો, દસ તત્વતણું હોય;
રજો ગુણી માયા તણું, સ્વમાગાં જણાય છે.
પાંચ તત્વ તણી દેહ, સત્વ ગુણી માયા તણી;
લીંગ દેહ બોલીયે તે, કારણ કે'વાય છે:
વાસનીક ઇચ્છા તણુ, એક તત્વી મ્હા કારણ;
તત્વ ગુણી તેને જાણો, વ્યાસ કયાસ થાય છે.

માયાને ચૈતન્યનું પંચીકર્ણ.

માયાને ચૈતન્ય બ્રહ્મ, બેઉનું મીશ્રીત પણુ;
મીશ્રીત પણાથી સર્વ, સજીવ જણાયું છે.
માયા તત્વ અંતઃકર્ણ, મન બુદ્ધી અહંકાર,
ચોથુ ચીત્ત ચારે મળી, વિશયે તણાયું છે.
શબ્દ સ્પર્શ રસ રૂપ; ગંધ તે વિશય પાંચ;
તેની વાસનાથી પ્રાણી, દુખમાં હણાયું છે.
બ્રહ્મ માયા મળવાથી, બેવડે બને છે ત્રીજુ;
તે ત્રીજાથી વદે વ્યાસ, વિશ્વ આ ગણાયું છે.

માઇકિના ચાર દેહ, તેવા ચૈતન્યના ચારઃ
તેની આંટી ઘુંટી ઘણી, સમજવી ન્યારી છે.
હાડ મૌંશ ચામ્ર તણો, પંચ ભૌતીકનો દેહ;
દસ ઇંદ્રીયો સહીત, સ્થુળ દેહ ભારી છે.
પંચ વિશય ને ચાર, અંતસ્ર કરણ મળી;
દસમી વાસના સૈત, સુક્ષમ વિચારી છે.
વીશે વિના પાંચનો તે, કે'વાયો કારણ દેહ;
ચો વણ અજ્ઞાન વાસ્ના, મ્હા કારણ ધારી છે.

દસ તત્વનું સુક્ષમ, તે છે ચૈતન્ય નુ સ્થુળ;
પાંચ વિના પાંચનું તે, સુંક્ષ્મ વપુ જાણવું
ચાર વિના સ્વજાતી ની, વાસનાથી વીંટાએલુ;
તે વાસ્નીક ચૈતન્ય ને, કારણ પ્રમાણવું.
વાસ્ના છુટી કૈંમ રહે, સ્વજાતીમાં જાય મળી;
તે ચૈતન્ય પર્મ બ્રહ્મ, મ્હા કારણ માનવું.
માયા તણા ચાર દેહ, તેવા ચૈતન્યના ચાર;
આ સર્વ સમજે તેને, વિજ્ઞાને વિખાણવું.

મોક્ષના સુખ વિશે.

મોક્ષ માંહી સુખ શું છે, ન ખાવાનું ન પીવાનું;
તેવું બોલનાર જીવ્રો, મતી તણા મંદ છે.
ખાવું પીવું હર્શ શોક, સુખ દુખ વિશે ભોગ;
એ ત્રપ્તી તેની છે સદા, તે માયાનો ફંદ છે.
મોક્ષમાં છે સદા ત્રપ્ત, ત્રપ્તીનો આનંદ અતી;
એ ત્રપ્તીનો ત્રપ્તી માગે, એ ત્રપ્તીથી બંધ છે.
માયા નૈં ત્યાં સદા ત્રપ્તી, ત્રપ્તાનંદ ત્રપ્તી તણો;
તેથી વેદે નામ ગાયું, તે અખન્ડા નંદ છે.

જન્મ માગ્યા વિશે.

કેવળ અજ્ઞાની જીવ, માયા મોહે બંધાયેલા;
ઇશ્વરની સ્તુતી કરી, અવતારો માગે છે.
કે' છે કે મનુષ્ય દેહ, વારંવાર દેજો પ્રભુ;
ન્હાવું ધોવું ખાવું પીવું, ભગ્તી સારી લાગે છે.
મોક્ષમાં તો ઠીક નથી, નહી કોઇ સગુ સાથ;
વાત ચીત દેવ તણા, દરસણો ભાગે છે.
નહિ પુન્ય નહી દાન, નહી જવા આવવાનું;
તેથી અવતાર થાય, તેનું ભાગ્ય જાગે છે.

ઉત્તર.

પણ જેનું ભાગ્ય જાગે, તે તો મોક્ષપદ માગે;
નીવ્રતિથી ઠરવાનું, પદ અવિનાસમાં.
દેહમાં તો દુખ પડે, કાંક કર્મ આવી નડે;
ભણ્યો ભુલે તારો ડુબે, તેવું દેહ દાસમાં.
ક્ષુધા પીપાસાને આધી, વ્યાધીને ઉપાધી અતી;
સદા ધર્મ સાચવવો, નર્ક તણા વાસમાં.
નર્ક વાસ નર્ક દુખ, પણ બીજુ દુખ નહી.
નર્ક કર્તા શસ્ત્ર ઘણું, દુખ ગર્ભવાસમાં.

ગર્ભવાસનું દુઃખ.

ગર્ભ વિશે નર્ક હોય, મલીન મુતર હોય;
જઠરા અગની હોય, દુરગંધ દુખડુ.
કફ ગળફાને પીત, ચીકણો પાણી પદર્કો;
ઓરથી ખેંચી બાંધેલો, ચરણોમાં મુખડુ.
અંધારામાં ઉંધા રે'વું, હલન ચલન નહી;
બસેને બ્હોતેર દન, રહે ભારે ભુખડુ.
બ્હાર આવી હાસ હાસ, ભુલી ગયો ગર્ભવાસ;
સમજ વીનાના મુર્ખે, કેવું માગ્યું સુખડુ.

શબ્દ અને પરમ શબ્દનો વિવેક,

સરવથી રહ્યા ઉંચે, સ્વ સત્તાએ માયા તીત,
વળી છે તુરીયા તીત, તે અક્ષરા તીત છે.
પર્મ શબ્દ લાગે જેને, પર્મ પદ માનો તેને;
જે પર્માત્મા પર્મેશ્વર, પર્મમાં એ રીત છે.
પર શબ્દ લાગે જેને, આથી પર હોય તેને;
પર લોક પર બ્રહ્મ, પરતે ખચીત છે.
શબ્દે શબ્દ તણો તોલ, બોલ બોલતાં વિચારી;
નહિ તો વદે વલ્લભ, ભણેલો તે ભીંત છે.

બે પ્રકારની ગતી.

અવિનાશી બ્રહ્મ તેની, ગતી બે પ્રકારે તેમાં;
ચૈતન્ય ગતી રવિના, તેજ તુલ્ય વ્યાપ્ત છે.
તે રહે વિશ્વમાં સ્થીત, બીજી જ્ઞાન ગતી તેમાં;
ગ્રંથીયો પડેલી સર્વ, દેહોમાં વિજ્ઞાસ છે.
અજ્ઞાની પ્રકાશ ગતી, તેમાં બીજી ઉષ્ણ ગતી;
અલગ અગ્નીને રવિ, તે જ્ઞાને સમાસ છે.
મગર ચાંદરણા નાં, દષ્ટાંન્તે સમજી લેવું;
પુર્વના પ્રારબ્ધે તે તો, વ્યાસજીને પ્રાપ્ત છે.

જીવ ઈશ્વરને માયા અનાદીનાં છે.

જીવ ઈશ્વરને માયા, અનાદીનાં સત્ય સીદ્ધ;
સીદ્ધ માન્યા વિના નથી, કોઈ કાળે છુટકો.
જીવ માયા કર્યા કે'યે, તો કાર્ય કારણ વિના;
ન બને ને બનાવ્યું તો, આખરમાં ખુટકો.
કર્યું તો કર્યાની વસ્તુ, હુ આ વિના ક્યાંથી કર્યું;
કર્તાને કારણ વિના; કાર્ય તણો ટુટકો.
કર્તા કાર્યને કારણ, ત્રૈણ સીધ્ધ માન્યા વિના;
ગપોડુ ગણાશે સર્વ, વેદ ગ્રંથ ગુટકો.

કર્તા કહીયે તો કર્તાને દોશ આવે.

કારણ પ્રતીકા હોય, તોજ કાર્ય કુંભ બને;
કરતા કુંભાર વીના, કર્યું કેમ માનીયે.
કર્યું તો કરતા થયો, કરતાને ચાર દોશ;
નૈર્ધન્ય વૈસમ્ય કૃત, નાશ ત્રીજો જાણીયે.
અકરતા અભ્યાગમ, ચોથો દોશ વેદવદે;
નીર્દોશી પર્માત્મા પછી, કીયાને પ્રમાણીયે.
નીરદોશી નીરબાધ, પર્મેશ્વરને વદે વેદ;
માટે જીવ માયા બ્રહ્મ, સત્ય સીદ્ધ આણીયે.

ઉપરના છંદોમાં શંકા.

જીવ શીદ્ધ માનીયે તો, મોક્ષ સંભવેજ નહી;
એવી શંકા ઉઠે તેનો, ઉત્તર લ્યો સાંભળી.
મોક્ષ પામે તેથી તેનો, નાશતો ગણાતો નથી;
અવિનાશી સદા જીવ, રહે બ્રહ્મમાં મળી.
પલટાય સ્વરૂપ તે, છે છે ને છે સીદ્ધ રહ્યો;
અનાદિ અનંત જીવ, જગત કયાં જશે ટળી.
માટે જીવ માયા બ્રહ્મ, ત્રણે સીધ્ધ અનાદીનાં;
વ્યાસનો સીધ્ધાન્ત સત્ય, સીસ્ય જન લ્યો કળી.

પ્રમાણ.

ગીતાજીના ૯ મા અધ્યાયનાં ૧૦ મા શ્લોકમાં ઇશ્વરના ઉપરી પણા નીચે પ્રકરતી સ્થાવર જંગમ જગત ઉપજાવે છે અર્થાત ઇશ્વર ઉપજાવતા નથી. તેમજ ૪ થા અધ્યાયના ૧૩ મા શ્લોકમાં ઇશ્વરને અકરતા કહ્યા છે. વળી પ્રકરતીને બ્રહ્મ અનાદીનાં છે તેવું ૧૩ મા અધ્યાયના ૧૯ મા શ્લોકમાં કહ્યું છે.

આ ઉપરથી એમ સીધ થાય છે કે પરમેશ્વર અકરતા છે ને જીવ ઈશ્વરને માયા અનાદીનાં છે. જો તે ન હોય તો તેનો કરતા કોણ ને નોહોતું તે કયાંથી લાવીને કર્યું જો પરમેશ્વરે પોતામાંથી કાઢયું કહીયે તો તે પરમેશ્વરમાં હતું એમ થાય છે ને પરમેશ્વરમાં હતું એમ માનીયે તો પરમેશ્વરને નીરલેપ કેહે છે તે ખોટું થાય છે. વળી કર્યું કહીએ તો ચાર દોશ લાગે છે. તો પછી નીરદોશી પરમેશ્વર કહેવાય નહી માટે જીવ ઈશ્વર ને માયા અનાદીનાં સંભવે છે.

વ્યાપક ન્યારા વિશે.

ર્ણું બ્રહ્મ ... વિશ્વ વિશે વ્યાપક છે;
... વેદાન્તીનો.

વ્યાપક
માયા તી...
બોલ તણા ત...
વ્યાસ વદે ઉત્તર

એક બ્રહ્મ પરી પુર્ણ,
અપુર્ણ કહો નહી તો,
અખંડ કહો છો તેથી, ક...
કટકા નહી તો બધે, કે રીતે
પર્મેશ્વર પુર્ણ એક, ચરાચર માંન
નર્ક વિશે ગર્ભ વિશે, બળે જઠરા ...
જળે સ્થળે માનશો તો, કયાં કરવી
ગુદા કીયા જળે ધોશો, જ્ઞાન શું વાંચી ...

વ્યાપકનો સિધાંન્ત.

પરી પુર્ણ બ્રહ્મ એક, વ્યાપક છે વિશ્વ વિશે;
એવિ અવિચારી વાણી, વદે તેની ભુલ છે.
પોતે એક કયાં કયાં રહ્યા, રહ્યા તો અનેક થયો;
પુર્ણ આખો બધે કે'યે, તો ડાપણે ડુલ છે
દ્વી ગતી વ્યાપક તેની; જ્ઞાન ગતિને ચૈતન્ય;
પુર્ણ એક ન્યારો પોતે, દીનકર તુલ્ય છે.
ગતીથી વ્યાપક જાણો, સ્વરૂપે તો ન્યારો માનો;
વ્યાપક ન્યારાનો નીશ્ચે, વલ્લભ અમુલ્ય

, ૯

..જીના ૧૩
.. વળી ગીતાજી

. વિશે છંદ

.ા નિરાકાર માને;
.છે એવું શે જાણીયું.
.ને, જાણ્યું તો કાંઇકિ વસ્તુ;
..ક, સ્વરૂપ પ્રમાણિયું.
. તો તો, પરમેશ્વર કો'છો કોને;
. નથી તો, ઉરમાં શું આણીયુ.
સાકારે નહી, તેમ નીરાકારે નહી;
.તે નહી ત્યારે, ટીલુ શાનું તાણીયું.

પરમેશ્વર નીરાકાર, એટલે આકાર વિના;
કૈં ન આકારતો કેમ, કો'છો કે તે એક છે.
એક બેની ગણતરી, હોય માપ વાળી વસ્તુ;
વસ્તુતાએ માનશો તો, નીરાકારે છેક છે
નિરાકાર ન દિઠેલો, તો છે એક કેમ કો'છો;
બોલ તણા તોલ વિના, ક્યાં બોલ્યાનો ટેક છે.
નથી જાણ પણ જરા, વાંચ્યું તો વિચાર્યું નથી;
વિધા છે વલ્લભ પણ, ક્યાં વિચારવિવેક છે.

જેણે નથી અનુભવ્યો, તેણે નીરાકાર ગણ્યો;
બોલ તણા તોલ વિના, બુદ્ધિનો લગાર છે.
અવતારી આકારને, સાકાર પર્માત્મા માન્યા;
ભોતાકારને તો વેદે, કહ્યા છ વિકાર છે.
જાયતે વર્ધતે અસ્તી; વિપ્રીણ અપક્ષીઅતે;
નસ્યતી તે છ વિકારો, બ્રહ્મ જ્ઞાના કાર છે.
અનુભવે સીદ્ધ કરી, પ્રસીદ્ધમાં મુકી દેઉં;
જ્ઞાનાકાર બ્રહ્મ તણો, વ્યાસને આધાર છે.

પ્રમાણ ગદ્યમાં

શ્રી કૃષ્ણ ભગવાન અરજુનને અનાદી પરમ બ્રહ્મ જે છે તેને વિશે ગીતાજીના ૧૩ મા અધ્યાયના ૧૩ મા શ્લોકમાં કહે છે કે તેને હાથ પગ મોહો નેત્ર નાક વિગેરે છે. આ ઉપરથી એમ સીધ થાય છે કે પરમ બ્રહ્મ આકારવાન છે. તે ઉપરથી અમારૂં અનુમાન પ્રમાણને અમારો સીધાન્ત સીધ થાય છે, કે તે પરમ-બ્રહ્મ જ્ઞાનાકાર છે, એટલે તેમનો ભૌતીક માફક આકાર નહીં પણ જ્ઞાનવસ્તુનો આકાર છે.

કોઇ પ્રકારનો આકાર નહી એવું કહેનારનું કહેવું જુઠું અને ખોટું છે. અને તે પરમ બ્રહ્મ જ્ઞાનની વસ્તુ છે એવું ગીતાજીના ૧૩ મા અધ્યાયના ૧૭ મા શ્લોકમાં કહ્યું છે. તે ઉપરથી પણ જ્ઞાનની મુરતી છે એમ સીધ્ધ થાય છે. વળી જ્ઞાનની મુરતી છે તેનું પ્રમાણ.

श्लोक.

ब्रह्मानंदं परम सुखदं, केवलं ज्ञान मुर्ति
द्वंद्वातीतं गगन मदृशं तुर्या नितं त्वंपदं
एकं नित्यं विमल म चलं सर्वधी साक्षीभूतं
भावातीतं त्रिगुण रहितं सत्स्वरुपंनमामि.

જુઓ કેવળ જ્ઞાનની મુરતી છે એમ આ શ્લોકમાં કહ્યું છે તેથી જ્ઞાનાકાર છે એમ સીદ્ધ છે. તેમ છતાં વિશેષ સીદ્ધતા જોઇતી હોય તો આ ગ્રંથના કરતાનો કરેલો ભાવાર્થ પ્રકાશ નામનો ગ્રંથ છે તે જોવાથી સારી રીતે સીધ્ધ થશે માટે કહીએ છીએ કે પરમ બ્રહ્મ નીરાકાર નથી તેમ સાકાર નથી પણ જ્ઞાનાકાર છે.

ગુણવિશે છંદ

અદ્વૈત અચળ બ્રહ્મ, તેને નીરગુણ કહે;
તે કે'નાર મંદ બુદ્ધી, જીવને ધીક્કાર છે.
અલ્પજ્ઞ સૌ ગુણવાળા, સર્વજ્ઞ શું ગુણ વિના;
જેમાં ગુણ નહી તેને, સમરે શો સાર છે.
સાર વિના અસાર ને, કોઈ માન્ય કરે નહી;
અસારને માને તેતો, ગાંડીયો ગુમાર છે.
બોલ તણો તોલ કરી, શબ્દને વિચારો ફરી;
વાંચી સુણિ બોલ્યા કર્તા, વલ્લભ વિચાર છે.

ગદ્યમાં.

કેવળ શાસ્ત્રોનાં વચનપર આશ્રીત રહી યુકતી વડે વિચારીને નીરણય નથી કરતા તેવાના ધર્મની હાની થાય છે. તે વિશે આ નિચે આપેલુ પ્રમાણ જોઇ ગુણ વિનાના પરમેશ્વર છે એવું સંભવે છે કે નથી સંભવતું એટલો તોલ કરો તો ગુણ વિનાના સંભવશે નહી.

શ્લોક.

केवळं शास्त्र मास्त्रितो, नकर्तव्योहि निर्णय;
युक्तिहिन विचारेतु, धर्महानि प्रजायत.

છંદ.

સદ ગુણ જીવો વિશે, જુદા જુદા રહેલા જે;
ન્યાય નીતી વિવેક ને, શ્રદ્ધા સદાચાર છે.
શાન્તીનેં સંતોશ વળી, સત્વ ગુણના જે ગુણ;
પણ સત્વનું જે તત્વ, તત્વ તે આધાર છે.
તત્વનું જે સત્વ શુભ, તેનો મુળ બ્રહ્મ વિશે;
તેથી તે છે સદગુણી, સગુણી ઉચ્ચાર છે.
રજો તમો સત્વ તત્વ, મુળ માયાના જે ચાર;
તે ગુણથી નીરગુણ, જ્ઞાનીનો પોકાર છે.

ચોથા ગુણ માટે પ્રમાણ.

માયાના જે ત્રણ ગુણ રજો તમોને સત્વ તેનેં સહુ દુનીયા જાણે છે. તેથી ચોથો જે તત્વ ગુણ, ગીતાજીના ૧૭ મા અધ્યાયના ૪ થા સ્લોકમાં જોઈ અનુમાન કરશો તો તત્વગુણ હોવોજ જોઇએ, એમ સીદ્ધ થશે. કારણકે તે શ્લોકમાં એમ કહ્યું છે કે સત્વ ગુણી મનુશો દેવને પુંજે છે. અને રજોગુણી મનુશો યક્ષાદીકને પુંજે છે.

અને તમો ગુણી મનુશો પ્રેતા દીકોને પુંજે છે. આ ઉપરથી વિચારોકે જે પરમેશ્વરને પુંજતા હશે તે કીયા ગુણના જીવો હશે અમારો સીદ્ધાન્ત અનુમાન પ્રમાણુથીં એવો છે કે પરમેશ્વરને પુંજનારા મનુશો તત્વ ગુણી હોવા જોઇએ. તેથી ત્રીગુણ રહીત ચોથો તત્વ ગુણ છે. આથી તત્વ ગુણ સીધ્ધ છે.

મુર્તિયો વિશે.

છંદ.

કૃતી છે મનુશ તણી, મુરતી કે પ્રતીમાયો;
તેનું ઉછેદન કરે, અજ્ઞાની અભાગીયા.
ઇશ્વરની એ છે છબી, અન્ય ભાશા ફોટોગ્રાફ;
તેને ગાળ દેવા ન દે, સપુત સભાગીયા.
ખન્ડનના કરનારા, ગુરૂની છબીને માને;
તેમ છતાં વાંકુ કેમ, વદે છે વરણાગીયા.
ભોળાઓને ભરમાવા, શુભ કૃત્ય કરમાવા;
આસુરા અજ્ઞાની જીવ, વ્યાસ વદે જાગીયા.

નાની નાની બાળકીયો, ધુળની કીનાર કરી;
બારી બારણાઓ મુકી, ઘરઘર રમે છે.
ન્હાનો ચુલો ન્હાની ઘંટી, નાનું સુપડું સાંબેલી;
મીથ્થા રાંધી મીથ્થા ખાવું, તેવું તેને ગમે છે.
કોઈ ભાંગે ખોટુ ઘર, કરે કલેશ બરાબર;
રડયા પીટયા કહી ઘર, ભાંગ્નારાને દમે છે.
ન્હાંનપણે સત્ય માને, મ્હોટ પણે મીથ્થા જાણે
મુરતી વલ્લભ વદે, અજ્ઞાનને સમે છે.

મુરતી કે મુરતીમાં, ઇશ્વર કો કાળે નથી;
પણ મુરતી તે છબી, ઈશ્વરની જાણવી.
મુરતીમાં ચૈતન્યતા, વેદ વડે વિપ્રો લાવે;
માટે શ્રેષ્ટ મુરતી તે, વાડવોની માનવી.
અજ્ઞાની કીશોર વય, કાંતો અબળાની જાતી;
તેવા જીવ આગળ તો, મુરતી વિખાણવી.
તેથી થાય શ્રદ્ધાળુ તો, પછી શુભ પંથે ચડે;
વદે છે વલ્લભ કોઇ, જક નવ તાણવી.

આત્મા તેજ પર્માત્મા વિશે.

અજ્ઞાનીયો એમ કહે, આત્મા તેજ પરમાત્મા;
બીજો નથી બોલતા ને, બોલે છે તે આપ છે.
આપ હોય તો તે કેમ, આવે ગર્ભ ગોબરામાં;
વળી હું તુ મ્હારૂ તારૂ, કોણ બેટા બાપ છે.
કોણ સીસ્ય કોણ ગુરૂ, કોણ જ્ઞાનીને અજ્ઞાની;
કોના માટે વેદ ગ્રંથ, કાયાને ત્રી તાપ છે.
વેદ છે તો ભેદ છે ભૈ, પરોક્ષ પર્માત્મા ન્યારો;
કહે આપ ઈશ્વર છું, તેને તો મ્હા પાપ છે.

પ્રમાણ ગદ્યમાં.

હું ઇશ્વર છું એવું કેહનારને તથા માનનારને ગીતાજીના ૧૬ મા અધ્યાયના ૧૪ મા શ્લોકમાં અપવિત્ર નર્કવાશી કહયોછે.

સર્વ સીધ્ધાન્તોનું સીદ્ધાન્ત.

છંદ.

અદ્વૈત અલક એક; અવિનાશી અવિચળ;
અખંડ આનંદ મય, જ્ઞાનરૂપ બ્રહ્મ છે.
અ ભૌતીક આકારના, નીરાકાર નથી પોતે;
હાથ પગ નાક કાન, નેત્ર મુખ ભ્રમ છે.
સાકરનું શ્રીફળને, ખાંડ તણી પુતળી જો;
સ્વમાવસ્થાનું સ્વરૂપ, સાકારની શમ છે.
ત્રી ગુણોથી નીરગુણ, બીજા સહગુણ ઘણા;
જાણવા વલ્લભ સમા, ગમે અનુક્રમ છે.
સીધ્ધાન્તોનું સીધ્ધાન્ત તું, સ્હેજમાં સમજ સીસ્ય;
હાસોસમી પણાથી રે'વું, તે સીધ્ધાન્ત સારો છે.
જીવ ઇશ્વરને માયા, માનજો ત્રીપુટી બ્રહ્મ;
પર બ્રહ્મ પર્મ બ્રહ્મ, વિવેકી વિચારો છે.
નારાકાર કે સાકાર, સતીલા ભસે ને માને;
સત્ય જ્ઞાનાકાર મને, પ્યારો પ્યારો પ્યારો છે.
પ્રત્યક્ષને અનુમાન, શાબ્દ પ્રમાણોથી સીધ;
વદે વ્યાસ પુર્ણ બ્રહ્મ, ન્યારો ન્યારો ન્યારો છે.

સીસ્યોને સીખામણ.

છંદ.

જ્ઞાનમય ગુરૂગમ, સીસ્ય તું શ્રવણ કર;
માયા મુકત મોક્ષપદ, પામવાની વારતા.
વિદ્યાચાર્ય કર્માચાર્ય, ધર્માચાર્ય કળી તણા;
જ્ઞાન તણી ગમ વિના, પંથીને પસારતા.
તેનો ઉપદેશ સહુ, મનમાંથી મુક દુર;
કેવિ રીતે જેવી સર્પ, કંચુકી વિસારતા.
નીહાળો નીર્મળ થઇ, ચુપ ચાપ બેસી રહી;
વ્યાસ વાણી સીદ્ધ થાશે, વિવેકે વિચારતા.

વિશ્વ તણો નીયંતા છે, તેટલુ તું નીસ્ચે જાણ;
તે તો સત્ય માન્યા વિના, કોની કથા કીજીયે.
ત્રીજા વિના કોની બીના. શું કે'વુ શું સાંભળવું;
ન કે'વું ન સાંભળવું, તો શું સાર લીજીયે.
નહી શ્રોતા નહી વકતા, તો કયાં રહ્યો સમાગમ;
ન રહ્યો તો તે શબ્દ ને, માંથે છેકું દીજીયે.
જ્ઞાનકાન્ડ મીથ્થા થશે, ગ્રંથ સૌ બોળાઇ જશે;
સત્ય માની વ્યાસ વદે, જ્ઞાન રસ પીજીયે.

ટુંકે ઉપદેશ.

નથી જેહ તરવાના, ચોરાશીમાં ફરવાના;
તેવા જીવે માની લીધું, સંસારમાં સુખડું.
જન્મ મ્રત્યુ ટાળવાની, ઇચ્છા ઉર ઉઠી જેને;
તેને નીસ્ચે થયું છે આ, દુનીયામાં દુખડું.
આવા જ્ઞાન વિના ધ્યાન, કોટાણુ કોટીક કરે;
સ્વપ્ને ખાય પણ સદા, ભુખડુને ભુખડુ.
માઈક અભાવ અતી, પર્મ પદે પુર્ણ મતી;
તેવા મોક્ષ મારગીનું, વલ્લભ છે મુખડુ.

પ્રણવનું પરીપુર્ણ, જ્ઞાન મેળવીને પછી;
પ્રેમ ભગ્તી લક્ષણાથી, કરી દેવું લાગણુ.
નીર્વિકલ્પ સમાધીયે, તુર્યાવસ્થા પ્રાપ્ત કરી;
સવિકલ્પ સમાધીનું, કરી દેવું તાગણુ.
એકાક્ષર મંત્ર તણો, જાપ જપતામાં ભેગુ;
મોક્ષની ઇચ્છાના શબ્દો, જોડી કર્યું માગણુ.
સત્ય સાખ્યે વ્યાસ વદે, મુક્ત થઈ મોક્ષ પામે;
એટલુ ન કરે તે તો, મનુષ્ય અભાગણુ.

કરતાનો હેતુ.

દેહ ક્ષણ ભંગુર છે, એવિ અધીરાઇ લીધે;
અનુભવી જ્ઞાન ધ્યાન, જીવોને જણાવીયે.
નખે સીખે સ્નાન કરી, સુત્રાઉ ધોયેલું પ્હેરી;
ઉત્તર પુરવ મુખ, આસન સ્થંભાવિયે.
સીધ્ધાસને સ્થીત થઇ, વ્હેવારે વૈરાગ ધરી;
સત્ય શ્રધ્ધા વડે લક્ષ, દેઈ પ્રેમ લાવીયે.
સંકલ્પ વિકલ્પ છોડી, ચીત મન સંકોચીને;
સુધ્ય જાપ જપવામાં, ધ્યે ધ્યાને ધરાવીયે.


જ્ઞાતા બની જ્ઞાને ચઢી, જ્ઞે વસ્તુને પ્રાપ્ત કરો;
તે કર્વાને મનુષ્યનો, દેહજ સમર્થ છે.
ધ્યાતા બની ધ્યાન ધરી, ધ્યેથી એક તાર કરી;
પ્રેમ લક્ષણા વિનાનું, કર્યું સૌ અનર્થ છે.
બ્રહ્મ વેત્તા બ્રાહ્મણના, મુખ થકી મંત્ર લેઇ;
આગના માગીને પછી, જપે તો તે ગર્થ છે.
તે વિના વાંચીને જપે, સત વર્શ તપ તપે;
પણ વ્યાસજીની વાચા, સૌ સુક્રીત વ્યર્થ છે.

તેનુ પ્રમાણ

ગીતાજીના ૮ મા અધ્યાયના ૧૩ મા શ્લોકમાં જુઓ.

ગદ્યમાં

આ યંત્ર ચક્ર મંત્ર ૐ કાર સહીત સવા લક્ષ જપવાનો આરંભ કર્યા પછી સવા લક્ષ પુરણ થયા ન હોય ને દેહ છુટી જાય તો પણ તે પરમ પદને પામે છે.



કે જીજ્ઞાસુ થવા માટે, જ્ઞાન લે છે ધ્યાન દેછે;
સાચી શ્રદ્ધા બેઠા વિના, જે વસ્તુ અકળ છે.
ખોટુ કે આ ખરૂ હશે, એવું જેને ચૈતવન;
તેવા અ શ્રદ્ધાળુઓને, જીભડી સબળ છે.
જ્ઞાન ધ્યાન વાત જાણી, જસેચ્છુ જીતેચ્છુ બને;
સાચુ જુઠુ જોવા જપે, તો સર્વ નિષ્ફળ છે.
સત્ય માની જપવાથી, નથી જતુ નાણુ ટાણુ;
મોક્ષેચ્છુ શ્રદ્ધાળુઓને, વલ્લભ સરળ છે.

સત્ય સીધ: કરવાને, વેદનાં પ્રમાણ ચાર;
અનુમાન ઉપમાનને, શાબ્દને પ્રત્યક્ષ છે.
તેમાં અનુમાન અર્પ્યું, ઈશ્વરે જ્ઞાની જનોને;
ઉપમાન કવીયોને, જેનું વડુ વ્રક્ષ છે.
શાબ્દ પરમાણ તેતો, સોંપ્યુ વડા વિદ્વાનોને;
પ્રત્યક્ષ પ્રમાણ તેજ, અજ્ઞાનીનાં ચક્ષછે.
કવિને ઉપ્માને શોભા, શાબ્દ જેષ્ટિકા અંધાને;
અનુમાને સત્ય વસ્તુ, જ્ઞાનીને સમક્ષ છે.

ગ્રંથની સમાપ્તી.

વિજ્ઞાન વલ્લભ ગ્રંથ, પરી પુર્ણ હવો ભાઈ;
દ્રઢ નહી થાય કોઇ, જીવ બુદ્ધી મંદમાં.
નથી રચ્યો વિવાદથી, નથી રચ્યો અભીમાને;
નથી રચ્યો મહતા માટે, નથી માયા ફંદમાં.
નથી રચ્યો કવિ રૂપે, નથી રચ્યો મમત્વથી;
પ્રેરકની પ્રેરણાથી, રચેલો છે છંદમાં.
વલ્લભ વદે છે પડે, સુર્લભ તો માની લેજો;
મોક્ષ મારગીયો સદા, રે'શું બ્રહ્માનંદમાં.

દોહરો.

વાંચીને તે વિચારજો, શબ્દ સબંધનું અંગ
નહિતો કરતાને મળી, કરજોજી સત્ય સંગ.

અખન્ડા નંદકી જે
સત્ચીદા નંદકી જે
આદ્યનારાયણકી જે
રામ કૃષ્ણ દેવકી જે
નમઃ પાર્વતી પતે.

સમાપ્ત.

એકાક્ષર બ્રહ્મની આરતી.

જય જય જય ૐકાર, જેજેજેજેજે ૐકાર;
ઉરથી આરાધન કરીયે, ઉરથી આરાધન કરીયે,
આવા ગમન નીસ્તાર, જેજેજેજેજે ૐકાર. ૧
વેદમાં સુક્ષમ વેદ, જેજે વેદમાં સુક્ષમ વેદ;
બ્રહ્મા વિષ્ણુ સદાશીવ, બ્રહ્મા વિષ્ણુ સદાશીવ,
સોધન કરે સહુ ભેદ, જેજેજેજેજે ૐકાર. ૨
શકતી શેશ નરેશ, જેજે શકતી શેશ નરેશ;
સુરીનર મુનીવર સરખા, સુરીનર મુનીવર સરખા,
પાર ન પામે લેશ, જેજેજેજેજે ૐકાર. ૩
પ્રણવ જ એકાક્ષર, જેજે પ્રણવ જ એકાક્ષર;
જ્ઞાની જનના ઘટમાં, જ્ઞાની જનના ઘટમાં,
જ્ઞાન મય મમ મનહર, જેજેજેજેજે ૐકાર. ૪
અ, ઉ, મ, અક્ષર ત્રણ, જેજે અ, ઉ, મ અક્ષર ત્રણ;
ઉપર માત્રા વિરાજે, ઉપર માત્રા વિરાજે,
તત્વજ ગુણ આત્રણ, જેજેજેજેજે ૐકાર. ૫
બીન્દુ બાવન બાહાર, જેજે બીન્દુ બાવન બ્હાર;
મોક્ષ માર્ગીને વલ્લભ, મોક્ષ માર્ગીને વલ્લભ,
પામ્યા પુરણ પાર, જેજેજેજેજે ૐકાર. ૬

અક્ષર બ્રહ્મની આરતી.

જે અક્ષર ધામી, જેજેજે અક્ષર ધામી;
વિશ્વના વિશ્વંભરછો, વિશ્વના વિશ્વંભરછો,
વળી અંતરયામી. જેજેજે અક્ષર ધામી. ૧
વેદ નારાયણ આપ જેજે વેદ નારાયણ આપ.
શ્રીમુખ શ્રુતી ભાંખી શ્રીમુખ શ્રુતી ભાંખી,
ૐ સોહમના જાપ. જેજેજે અક્ષર ધામી. ૨

નાભી કમળ બ્રહ્માય, જેજે, નાભી કમળ બ્રહ્માય;
તત્વ મશી કહી તેને, તત્વ મશી કહી તેને,
અરપ્યો વેદ મહીમાય, જેજેજે અક્ષર ધામી. ૩

अहं ब्रह्माश्मी આપ. જેજે. अहं ब्रह्मास्मी આપ.
કહી સ્વ સ્વરૂપ દર્શાવ્યું, કહી સ્વ સ્વરૂપ દર્શાવ્યું,
ટાળ્યો સહુ પરિતાપ, જેજેજે અક્ષર ધામી. ૪

अयमात्मा કહ્યો બ્રહ્મ, જેજે. अयमात्मा કહ્યો બ્રહ્મ.
प्रज्ञान आनंद મુળ બ્રહ્મ છે, प्रज्ञान आनंद મુળ બ્રહ્મ છે,
તે વધા સહુ અનુક્રમ, જેજેજે અક્ષર ધામી. ૫

एकोहं बहुस्यांम् જેજે एकोहं बहुस्यांम्
વદી વિશ્વને સરજાવ્યું, વદી વિશ્વને સરજાવ્યું,
જે હતુ તે ગુણ ગ્રામ, જેજેજે અક્ષર ધામી. ૬

પ્રેરક કર્મ અનુસાર, જેજે. પ્રેરક કર્મ અનુસાર.
ઉપજાવો છો આપમાંથી, ઉપજાવો છો આપમાંથી,
ઇશ્વરી અંશ અવતાર, જેજેજે અક્ષર ધામી. ૭

ત્રીગુણ પતિછો નાથ, જેજે ત્રીગુણ પતિછો નાથ.
પુરણ બ્રહ્મ સમીપે, પુરણ બ્રહ્મ સમીપે,
નીરમળ માયા સાથ, જેજેજે અક્ષર ધામી. ૮

ક્ષરથી આપ પરોક્ષ, જેજે ક્ષરથી આપ પરોક્ષ.
અક્ષર આપ કેહેવાયા, અક્ષર આપ કેહેવાયા,
નમદ્વારાએ મોક્ષ, જેજેજે અક્ષર ધામી. ૯

બ્રહ્મથી છો પર બ્રહ્મ જેજે બ્રહ્મથી છો પર બ્રહ્મ
લક્ષણા પુરણ બ્રહ્મમાં, લક્ષણા પુરણ બ્રહ્મમાં,
આગને અગમ નીગમ જેજેજે અક્ષર ધામી. ૧૦

વિશ્વના નિયંતાય, જેજે વિશ્વના નીયંતાય.
માયા વસીષ્ટ બ્રહ્મ પોતે, માયા વશીષ્ટ બ્રહ્મ પોતે,
તુરીઆ સ્વરૂપ જગરાય, જેજેજે અક્ષર ધામી. ૧૧

વિદ્યા માયા મીશ્રીત, જેજે વિદ્યા માયા મીશ્રીત.
ઇશ્વરો મધ્યસ્થમાયા, ઇશ્વરો મધ્યસ્થમાયા,
વિશ્વ માયા વિપ્રીત, જેજેજે અક્ષર ધામી. ૧૨

નહી દીપક નહિ અંત, જેજે નહી દીપક નહી અંત.
ધુપ આરતી મમ મનની, ધુપ આરતી મમ મનની,
માનજે કીંકરવત, જેજેજે અક્ષર ધામી. ૧૩

આરતી ગાઉં કરી કયાસ, જેજે આરતી ગાઉં કરી કયાસ.
મોક્ષ મારગી સૌ વિનવે, મોક્ષ મારગી સૌ વિનવે,
વિનવે વલ્લભ વ્યાસ. જેજેજે અક્ષર ધામી. ૧૪

અક્ષરાતીતની આરતી.

મુળ પદ પુરણ બ્રહ્મ, જેજે મુળ પદ પુરણ બ્રહ્મ
અખંડ અંતરયામી, અખંડ અંતરયામી.
અદ્વૈત સરવોતમ, જેજેજેજે પુરણ બ્રહ્મ ૧

અમર અચળ અવિનાશ, જેજે અમર અચળ અવિનાશ
પરમાત્મા પરમેશ્વર, પરમાત્મા પરમેશ્વર
જ્ઞાનગતી જગભાસ, જેજેજેજે પુરણ બ્રહ્મ ૨

ભુતથી નીરાકાર, જેજે. ભુતથી નીરાકાર
જ્ઞાન સ્વરૂપ છો સ્વામી, જ્ઞાન સ્વરૂપ છો સ્વામી.
મોક્ષ પદ વિશ્વાધાર, જેજેજેજે પુરણ બ્રહ્મ ૩

ત્રિગુણે નીરગુણ, જેજે ત્રિગુણે નીરગુણ.
સદ્જ્ઞાને છો ગુણી, સદ જ્ઞાને છો ગુણી
ગતી વ્યાપક ચોખુણ, જેજેજેજે પુરણ બ્રહ્મ ૪

આપ અલગ સત્યચીત, જેજે આપ અલગ સત્યચિત
અકરતાછો આદી, અકરતાછો આદી
આનંદ માયાતીત, જેજેજેજે પુરણ બ્રહ્મ. ૫

અક્ષરાતીત આપ, જેજે અક્ષરાતીત આપ.
તુરીયા તીત તમે છો, તુરીયાતીત તમે છો
તારણ ટાળક ત્રીતાપ, જેજેજેજે પુરણ બ્રહ્મ. ૬

મુળ જ્ઞાન દ્રષ્ટી એક, જેજે મુળજ્ઞાન દ્રષ્ટી એક
રાખી ઉપાશુ તમને, રાખી ઉપાશું તમને
ધ્યાન ધરી વિશેક, જેજેજેજે પુરણ બ્રહ્મ ૭

આરતી કરૂ ઉમંગ, જેજે આરતી કરૂ ઉમંગ.
મુકત થવાને માટે, મોક્ષ થવાને માટે
આવા ગમન તન ભંગ, જેજેજેજે પુરણ બ્રહ્મ ૮

મોક્ષેચ્છુ તમામ, જેજે મોક્ષેચ્છુ તમામ
ગાશે મોક્ષજ થાસે, ગાસે મોક્ષજ થાસે
વીનવે વલ્લભરામ જેજેજેજે પુરણ બ્રહ્મ. ૯

એકાક્ષર બ્રહ્મકી જે
અક્ષર બ્રહ્મકી જે
પુરણ બ્રહ્મકી જે
અખંડા નંદકી જે
સત્ચીદા નંદકી જે

સમાપ્ત.